॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

તંત્રીસ્થાનેથી

વાચક મિત્રો,

'રુતમ્ભરા' સામયિક તેનાં દશ વર્ષ પૂરાં કરી અગિયારમા વર્ષમાં પ્રવેશ કરે છે. દર વર્ષે આ સામયિકનો વાચકવર્ગ વધતો જાય છે તે તેની સાબિતી છે કે આધ્યાત્મિક ક્ષેત્રના જિજ્ઞાસુ સાધકોની, સંતો-મહંતોની પોતાના ચાલુ જીવન-વ્યવહારમાં ઘટતી વિવિધ બાબતોને સાચી સમજણ દ્વારા યોગ્ય રીતે મૂલવવા ઇચ્છતા સદ્‌ગૃહસ્થો-ગૃહિણીઓની, 'રુતમ્ભરા'માં પિરસાતા મૌલિક સાહિત્ય દ્વારા જિજ્ઞાસા સંતોષાય છે.

ઓ.પ્રે.પ. ટ્રસ્ટે ગત વર્ષને (તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪) ''રુતમ્ભરા દશાબ્દી વર્ષ'' તરીકે ઊજવ્યું. આ વર્ષ દરમ્યાન ઓમ્ પરિવારના સ્વયંસેવકોએ, વાચકગણે, ઓ.પ્રે.પ. ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વધુમાં વધુ જિજ્ઞાસુઓ સુધી આ સામયિકમાંના સાહિત્યને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. સૌનો હાર્દિક આભાર.

આપ સૌને નમ્ર વિનંતી કે દશાબ્દી વર્ષ નિમિત્તે 'રુતમ્ભરા'ના પ્રચાર-પ્રસારના કાર્યમાં આપ સૌએ જે ઉત્સાહ બતાવ્યો તે દર વર્ષે કાયમ રહે તેવો પ્રયત્ન કરશો.

ગુરુપૂર્ણિમા મહોત્સવ ઓમ્-પરિવારનો કાર્યક્રમ

સમયઃ- તા. ૨૨-૭-૯૪ શુક્રવાર
સવારે ૭-૦૦ થી બપોરે ૩-૦૦ વાગ્યા સુધી

સ્થળઃ- ઇચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીઆ,
મણીનગર, અમદાવાદ-૨૮.

ઋતમ્ભરા

ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જુલાઈ-ઓગ-સપ્ટે. (ત્રિમાસિક)
VOL - IV (94-95) ISSUE-I માનદ તંત્રી નૈષધ વ્યાસ

શાંતા

(પાતંજલ યોગદર્શન - સાધનપાદ)

- યોગભિક્ષુ

યોગદર્શનના ચાર મુખ્ય પ્રતિપાદ્ય વિષયો છે : હેય, હેયહેતુ, હાન અને હાનોપાય. હેય એટલે ત્યાજય, ત્યાગવા યોગ્ય, ગ્રહણ કરવાને યોગ્ય નહીં. ત્યાગવા યોગ્ય શું છે ? દુઃખો, પંચકલેશો. હેયહેતુ એટલે દુઃખોનું કારણ. દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ દુઃખોનું કારણ છે. દ્રષ્ટા એટલે આત્મા. દૃશ્ય એટલે ચોવીસ તત્ત્વો. દૃશ્યોનો સ્વભાવ સત્ત્વ, રજ અને તમ છે, દૃશ્યોનું સ્વરૂપ છે પંચમહાભૂત અને ઇન્દ્રિયો; અને દૃશ્યોનું પ્રયોજન છે ભોગ અને મોક્ષ આપવાનું.

ઉપરોક્ત વાતો આપણે ખૂબ વિસ્તારપૂર્વક સમજ્યા. હવે ઓગણીસમા સૂત્રને સમજીએ.

વિશેષાવિશેષલિંગમાત્રલિંગાનિ ગુણપર્વાણિ ॥૧૯॥

ભાવાર્થ : ત્રિગુણના ચાર વિભાગો (સ્તરો) છે જેનાં નામ છે : (૧) વિશેષ (૨) અવિશેષ (૩) લિંગમાત્ર (૪) અલિંગ.

વિસ્તાર : ઉપરોક્ત ચાર અવસ્થાઓ ત્રિગુણની છે; ત્રિગુણમય સઘળાં દૃશ્યોની જે વાત આવી તેના ચાર સ્તરો છે. જગત ત્રિગુણમય છે. બધાં દૃશ્યો ત્રિગુણમય છે. આ ત્રિગુણનાં ચાર પરિણામો છે, ચાર અવસ્થાઓ છે. 'અવસ્થાઓ' કહેવાથી પૂરી સમજ ન પડે તેથી 'પરિણામો' કહ્યાં. તે ક્યાં ક્યાં પરિણામોને પામે છે ? વિશેષ, અવિશેષ, લિંગમાત્ર અને અલિંગ. પ્રથમ 'વિશેષ'ને સમજીએ.

વિશેષ : ત્રિગુણનું છેલ્લું-ચોથું પરિણામ અથવા છેલ્લી અવસ્થા તેને "વિશેષ" નામ આપ્યું છે. 'વિશેષ'માં પંચસ્થૂળમહાભૂતો, પંચકર્મેન્દ્રિયો, પંચજ્ઞાનેન્દ્રિયો અને એક મન; આમ કુલ સોળનો સમાવેશ થાય છે. તે ત્રિગુણ જ્યારે ઉપરોક્ત અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે તેની તે અવસ્થાને યોગશાસ્ત્ર 'વિશેષ' એવું ટૂંકું નામ આપે છે. સૂત્રની ભાષામાં ફક્ત 'વિશેષ' એટલું કહેવાથી તે સોળનો સમૂહ સમજી લેવાનો છે. પાંચ કર્મેન્દ્રિયોઃ હાથ, પગ, ઉપસ્થ, ગુદા અને જીભ. પાંચ જ્ઞાનેન્દ્રિયો : આંખ, નાક, કાન, જીભ (રસના) અને ચામડી. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા દ્રષ્ટા (માંહ્યલો) બહારની બધી જાણકારી પ્રાપ્ત કરે છે, તે તેને દરેક પ્રકારની બહારની જાણકારી આપે છે. પાંચ કર્મેન્દ્રિયો માંહ્યલા માટે બહારનું બધું કાર્ય કરે છે તેથી તે કર્મ કરનારી ઇન્દ્રિયો કહેવાય છે. જીભની ગણતરી કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય બંનેમાં થાય છે. જ્ઞાનેન્દ્રિયમાં તેની ગણતરી કરવી હોય ત્યારે તેને રસના કહે છે. કારણ કે તે રસને ગ્રહણ કરે છે, રસનું જ્ઞાન આપે છે. કડવો, મીઠો, ખારો વગેરે જેવો રસ જીભ ઉપર મૂકીએ ત્યારે તે રસ મુજબનું જ્ઞાન આપે છે. તેથી તેને રસના

કહે છે. કર્મેન્દ્રિયમાં તેની ગણતરી થાય ત્યારે તેને જીભ (જિહ્વા) કહે છે. જીભથી બોલવાનું કર્મ થઈ શકે છે. તેથી તે જીભ કર્મેન્દ્રિય પણ છે અને જ્ઞાનેન્દ્રિય પણ છે. પંચસ્થૂળમહાભૂત : પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ. સોળમું તત્ત્વ છે મન.

ઉપરોક્ત સોળેયનું સામૂહિક નામ વિશેષ છે. તેને વિશેષ શા માટે કહેવામાં આવ્યાં ? તેમાં શી વિશેષતા છે? સુખ, દુઃખ, મોહ ઇત્યાદિ જે તેના વિશેષ ધર્મો છે તેના કારણે તેને વિશેષ કહેવામાં આવ્યાં. તે વિશેષ ધર્મોનું સ્વરૂપ અનુક્રમે શાંત, ઘોર અને મૂઢ છે. આમ, ફક્ત ત્રણ અક્ષરોના ટૂંકા નામમાં કેટલું બધું સમાવી દીધું? આ તો સૂત્ર છે ને ? 'વિશેષ' તે સૂત્રાત્મક ભાષાનો શબ્દ છે તેથી તે વિશેષ શબ્દમાં શું શું સમાવી લીધું છે તે આપણે યાદ રાખી લેવું જોઈએ. વિશેષ બોલતાંની સાથે આપણને તેમાં સમાવેલાં સોળેય તત્ત્વો યાદ આવી જવાં જોઈએ. તો, ટૂંકમાં ઘણા બધા જ્ઞાનને યાદ રાખી શકીએ, સમજી શકીએ.

તો, આ રીતે વિશેષને સમજ્યા. પછી આવ્યું અવિશેષ.

અવિશેષ : 'અવિશેષ' ત્રિગુણનું ત્રીજું પરિણામ છે, ત્રિગુણની ત્રીજી અવસ્થા છે. અહંકાર અને પંચતન્માત્રાઓ એટલે કે પંચસૂક્ષ્મભૂતોને 'અવિશેષ' કહેવામાં આવે છે. 'વિશેષ'માં આવે છે પંચસ્થૂળભૂત અને આ છે પંચસૂક્ષ્મભૂત. પંચસૂક્ષ્મભૂતને પંચતન્માત્રાઓ પણ કહે છે. તન્માત્રાઓના સંગઠીકરણને જ સ્થૂળભૂત કહેવામાં આવે છે. તન્માત્રાઓરૂપી આપણું જે શરીર કે જે પંચમહાભૂત દ્વારા બનેલું છે તે દરેક પંચમહાભૂતની તન્માત્રાઓ ધીમે ધીમે છૂટી પડતી જાય છે, વિલીન થતી જાય છે અને તેથી જ આ પંચમહાભૂતના શરીરનો હ્રાસ થાય છે. જો તે પંચતન્માત્રાઓને અવકાશમાંથી સીધી જ ગ્રહણ કરવાની કુશળતા આપણે પ્રાપ્ત કરી લઈએ તો આ પંચમહાભૂતના શરીરને જ્યાં સુધી રાખવું હોય ત્યાં સુધી રાખી શકીએ; તેનો હ્રાસ જ ન થાય તેથી તે પડે જ નહીં. આ વાત આપણે એટલા માટે કરી રહ્યા છીએ કે જેથી પંચતન્માત્રાઓનો સાચો ખ્યાલ આવી શકે કે તે શું છે ? પંચતન્માત્રાઓ તે પંચમહાભૂતનું એક એવું સૂક્ષ્મ અને અલૌકિક અસ્તિત્ત્વ છે કે જેના સંગઠનથી સ્થૂળ મહાભૂતો બને છે. જેમ એક એક પરમાણુનું મિલન થવાથી અણુ બને છે અને તે અણુઓના સંગઠનથી માટી બને છે અને તે માટીના સંગઠનથી ઘડો ઇત્યાદિ વાસણો બને છે. આમ, આ પંચતન્માત્રાઓ તે પંચસ્થૂળમહાભૂતોનું સૂક્ષ્મ સ્વરૂપ છે. તેમાંથી જ પંચમહાભૂતની ઉત્પત્તિ થાય છે. જે પંચમહાભૂતથી વ્યષ્ટિ શરીર બનેલું છે તે દરેક ભૂતમાંથી દિવસે દિવસે એક એક કરીને તન્માત્રાઓ છૂટી પડીને સમષ્ટિના ભૂતમાં ભળી જાય છે. આ રીતે શરીરનું દરેક ભૂત ઘટતું જાય છે અને તેથી ભૂતોનું સંગઠીકરણ ખોખરું થતું જાય છે. આ રીતે ધીરે ધીરે પંચમહાભૂતના બનેલા શરીરનો હ્રાસ થતો જાય છે. પરંતુ જો અવકાશમાંથી સ્થૂળભૂતની તન્માત્રાઓ આપણને ખેંચી લેતાં આવડી જાય તો તેનો હ્રાસ જ ન થાય; તેની કોઈ કમી જ ના પડે, તેની પૂર્તિ થયે જ જાય. સવારથી સાંજ સુધીમાં તેની જે કમી પડી હોય તેની પૂર્તિ સાંજે કરી લઈએ. આખા મહિનામાં કે આખા વર્ષમાં તે પંચમહાભૂતની જેટલી અને જેવી કમી પડી હોય તેટલી અને તેવી વાતાવરણમાંથી ખેંચીને તેની પૂર્તિ કરી લઈએ, જેથી વૃદ્ધાવસ્થા જ ના આવે, મૃત્યુ જ ના આવે. વૃદ્ધાવસ્થા શું છે ? પંચમહાભૂતનું હ્રાસપણું, નિર્બળપણું તેનું નામ વૃદ્ધાવસ્થા.

શરીરને સદા અજર અને અમર રાખવાનું રહસ્ય આ પંચતન્માત્રામાં છુપાયેલું છે. યોગીનો ઉદ્દેશ કે ધ્યેય શરીરનું અમરપણું નથી, તેથી યોગીઓ આમાં પડતા નથી. આ તો તે વિષય ચાલી રહ્યો છે એટલે તેનો થોડો વિસ્તાર કર્યો. પંચતન્માત્રાઓનાં નામ શું છે ? શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ તે સ્થૂળ પંચમહાભૂત છે; પૃથ્વી એ સ્થૂળ છે અને તેનું સૂક્ષ્મ તે ગંધ છે, જળ સ્થૂળ છે અને તેનું સૂક્ષ્મ તે રસ છે; તેજ તે સ્થૂળ છે અને તેનું સૂક્ષ્મ તે રૂપ છે; વાયુ તે સ્થૂળ છે અને તેનું સૂક્ષ્મ તે સ્પર્શ છે; આકાશ તે સ્થૂળ છે અને તેનું સૂક્ષ્મ તે શબ્દ છે. આકાશ, આમ જોઈએ તો કેટલું સૂક્ષ્મ જણાય છે ! છતાંય તેની ગણતરી સ્થૂળ મહાભૂતમાં જ છે. પાંચેય સૂક્ષ્મ ભૂતોનો અનુભવ કરવા માટે સ્થૂળ ભૂતોની હાજરી અનિવાર્ય છે. સ્થૂળ મહાભૂતો

અને સૂક્ષ્મ ભૂતોના સંબંધને આ રીતે સમજ્યા. હવે તેની ઇન્દ્રિયોને પણ સમજીએ.

પંચતન્માત્રાઓને અનુભવવા માટે આપણી પાસે કઈ કઈ ઇન્દ્રિયો છે ? ગંધ એ પૃથ્વીનો ગુણ છે, આપણે પૃથ્વીને ગંધના માધ્યમથી નાક દ્વારા અનુભવીએ છીએ. પાણીનો ગુણ રસ છે, તેને આપણે જીભ (રસના) દ્વારા અનુભવીએ છીએ. તેજ-અગ્નિનો ગુણ છે રૂપ, તેને આપણે આંખ દ્વારા અનુભવીએ છીએ. આંખ ના હોય તો રૂપને આપણે અનુભવી શકીએ નહીં. રૂપ હોવા છતાં જો આંખ ના હોય અથવા આંખ હોવા છતાં જો રૂપ ના હોય તો તેનો અનુભવ થઈ શકે નહીં. બંને હોવાથી બંનેનો અનુભવ થાય છે. વાયુનો ગુણ છે સ્પર્શ, સ્પર્શનો અનુભવ આપણને ચામડી દ્વારા થાય છે. આકાશનો ગુણ શબ્દ છે. આકાશ શબ્દનું વાહક છે. વાહક એટલે કે શબ્દ જેમાં વહી શકે તે. જો આકાશ ન હોય તો શબ્દ વહી જ ન શકે અને તેથી આપણે સાંભળી જ ન શકીએ. શબ્દનો અનુભવ કાન દ્વારા થઈ શકે છે.

આમ, પંચમહાભૂત, પંચતન્માત્રાઓ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પરસ્પર એકબીજાને કઈ રીતે પૂરક છે તેની ઘણી માહિતી પ્રાપ્ત કરી. તેના ઉપર ચિંતન, મનન અને વિશેષ કરીને નિદિધ્યાસન કરીએ તો ઘણા બધા ચમત્કારો કરી શકીએ. ચમત્કાર એટલે અલૌકિક રજૂઆત. લૌકિક એટલે લોકમાં જે થઈ રહ્યું છે તે. તેનાથી જુદું તેનું નામ અલૌકિક. લોકો જે કાંઈ કરી શકતા હોય; આ લોકમાં, સમાજમાં જે કાંઈ થઈ રહ્યું છે તેનાથી ઈક વિશેષ કરવું તેનું નામ અલૌકિક. તેનું નામ ચમત્કાર. ચમત્કાર એટલે જે ચમકાવી દે તે. ચમત્કાર એટલે નિસર્ગના એવા ત્રિકાલ અબાધિત નિયમો-સિદ્ધાંતો કે જે હજુ અતિ અલ્પ વ્યક્તિઓની જ જાણમાં આવ્યા છે, હજુ જાહેરમાં નથી મુકાયા તે. તે નિયમો જાહેરમાં આવ્યા પછી ચમત્કાર રહેતા કે કહેવાતા નથી. ભૂતકાળનો ચમત્કાર વર્તમાનમાં મૃતપ્રાય થઈ જાય છે. નિસર્ગના અનંત ગૂઢ નિયમો અમર્યાદિત છે અને મનુષ્યની શક્તિ મર્યાદિત છે. મનુષ્ય કદી પણ નિસર્ગના તમામ નિયમોને સંપૂર્ણ રીતે સમજી ના શકે. જીવ, જગત અને જગદીશ્વર; પુરુષ, પ્રકૃતિ અને પરમેશ્વર તે બધા ચમત્કારો જ છે. ચમત્કારો જોવાના ને કરવાના ખ્યાલમાં રાચ્યા કરવું અને તે માટે રઝળપાટ કરતા ફરવું તે કેવળ મહાઘેલછા છે. કુદરતની દિવ્ય અને અલૌકિક કૃતિઓને પણ ચમત્કાર ન સમજવી તે પણ મહામૂર્ખતા અને મહાજડતા છે. આપણે તો તે ચમત્કારથી પણ ઉપર નીકળી જવા માટે ચમત્કારનો આવો મૌલિક અર્થ કરીએ છીએ - ચ+મત+કર=ચમત્કાર મત કર. 'ચ' એટલે ચમત્કાર અને મત કર એટલે ન કર.

જો કૈવલ્યની પ્રાપ્તિ કરવી હોય, જો આત્યંતિક સુખ જોઈતું હોય, જો સુખદુઃખથી ઉપર નીકળી જવું હોય તો ચમત્કાર કરીશ નહીં, ચમત્કારમાં પડીશ નહીં. ચમત્કારનો અર્થ આપણા જિજ્ઞાસુ-મંડળમાં આપણે આવો કરીએ છીએ. ઉપરોક્ત પંચતન્માત્રાઓને સમજી લેવાથી, તેના ઉપર કાબૂ કરી લેવાથી મનુષ્ય ચમત્કાર કરી શકે છે. અને ચમત્કારનો અર્થ છે અલૌકિક રજૂઆત. જેને સામાન્ય જનસમુદાય નથી કરી શકતો કે નથી અનુભવી શકતો, તેવો અનુભવ કરવો કે કરાવવો તેનું નામ ચમત્કાર.

'વિશેષ'માં સોળ અને 'અવિશેષ'માં છ મળીને બાવીસ થયાં. આગળનાં સોળને 'વિશેષ' કહ્યાં. સુખ, દુઃખ અને મોહ આદિ તેના ધર્મોના કારણે તેને વિશેષ કહ્યાં. અનુક્રમે શાંત, ઘોર અને મૂઢ એ તે ધર્મોની અવસ્થાઓ છે. સુખની પ્રાપ્તિ થાય ત્યારે શાંત ભાવ, દુઃખની પ્રાપ્તિ થાય ત્યારે ઘોર ભાવ અને મોહની પ્રાપ્તિ થાય ત્યારે મૂઢ ભાવમય થઈ જવાય છે. શાંત, ઘોર અને મૂઢ તે અનુક્રમે સુખ, દુઃખ અને મોહરૂપી ધર્મોની અવસ્થાઓ છે.

આગળના સોળમાં સુખ, દુઃખ અને મોહરૂપી વિશેષતા હતી તેથી તેને વિશેષ કહેવામાં આવ્યાં. પરંતુ આ છમાં તે વિશેષતાઓ નથી તેથી તેને અવિશેષ કહેવામાં આવ્યાં. અ+વિશેષ=વિશેષતા વિનાનાં; સુખ, દુઃખ અને મોહરૂપી વિશેષનું ન હોવાપણું. આથી તે અવિશેષ કહેવાયાં; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - એ પાંચ તન્માત્રાઓ અને એક અહંકાર; આ છયેનું સામૂહિક નામ તે અવિશેષ. હવે ત્રિગુણની આગળની અવસ્થા, આગળના પરિણામને સમજીએ.

લિંગમાત્રઃ ત્રિગુણ અવ્યક્ત અવસ્થામાંથી, સામ્યાવસ્થામાંથી, પ્રલયાવસ્થામાંથી જ્યારે વ્યક્ત અવસ્થામાં આવે છે ત્યારે તે કયાં કયાં પરિણામોને પ્રાપ્ત કરે છે તે અતિશય મહત્ત્વની વાત અહીં ચર્ચાઈ રહી છે. જો અત્યારે આ વાતને ખૂબ સમજવાનો પ્રયત્ન કરીશું અને સમજી લીધા પછી એકાંતમાં તેનું ચિંતન-મનન કરીશું તો ઘણી બધી ઉત્તમ સમજણની પ્રાપ્તિ થઈ જશે. જગતની ઉત્પત્તિના રહસ્યનું સાચું વર્ણન અહીં આપી દીધું છે. જગત પ્રલય અવસ્થામાંથી સર્જન અવસ્થામાં આવવા લાગે છે, સૂક્ષ્મતામાંથી સ્થૂળતાને ગ્રહણ કરવા લાગે છે ત્યારે કયા ક્રમથી આગળ વધે છે અને એકમાંથી બીજા કયા પરિણામને પ્રાપ્ત કરે છે તેનું અહીં સુંદર વર્ણન છે. ત્રિગુણ જ્યારે સામ્યાવસ્થામાં હોય છે, એટલે કે જ્યારે પ્રલય અવસ્થા હોય છે ત્યારે જગત હોતું જ નથી; હોતું જ નથી એટલે કે પ્રલય અવસ્થા તો હોય છે. અને પ્રલય અવસ્થા હોય છે એટલે કે ત્રિગુણની સામ્ય અવસ્થા હોય છે, ત્રિગુણની અવ્યક્ત અવસ્થા હોય છે કે જે અવસ્થા માટે "માયા", "મૂળ પ્રકૃતિ" ઇત્યાદિ શબ્દો પણ વપરાયા છે. તે વખતે પ્રકૃતિ પોતાની મૂળ અવસ્થામાં હોય, અવ્યક્ત અવસ્થામાં હોય છે. અવ્યક્તમાંથી જ્યારે વ્યક્ત થવા લાગે છે ત્યારે તે વ્યક્તપણામાં કયાં કયાં પરિણામોને પ્રાપ્ત કરે છે ? અવ્યક્તમાંથી પહેલું કયું વ્યક્તપણું, ત્યાર પછી કયું વ્યક્તપણું ? એમ જગતને અત્યારે આપણે જે રીતે જોઈ રહ્યાં છીએ અને અનુભવી રહ્યાં છીએ તે અવસ્થામાં કઈ રીતે આવે છે તેની સાચી માહિતી યોગદર્શનમાં આપી દીધી છે.

ચોથું પરિણામ વિશેષ, ત્રીજું અવિશેષ અને બીજું લિંગમાત્ર એટલે કે મહત્તત્ત્વ છે. મહત્તત્ત્વ એક છે. સોળ+છ+એક મળીને ત્રેવીસ તત્ત્વો થયાં. બીજું પરિણામ તે ત્રિગુણની બીજી અવસ્થા. તેને લિંગમાત્ર કે ચિહ્નમાત્ર પણ કહે છે. સ્થૂળતાનું કોઈ ચિહ્નમાત્ર બચી રહ્યું છે કે તેના કોઈ સંસ્કારો બચી રહ્યા છે ! તેને એક દૃષ્ટાંતથી સમજીએ.

બાળકનો જન્મ થાય છે ત્યારે તે પુત્ર છે કે પુત્રી તે ખબર કઈ રીતે પડે છે ? કારણ કે તે વખતે બાલ, કાન, આંખ, હાથ, પગ બધું જ બંનેનું બરાબર હોય છે. શરીર ખુલ્લું હોય ત્યારે તેના લિંગ દ્વારા, ચિહ્ન દ્વારા નક્કી કરી શકીએ કે પુત્ર છે કે પુત્રી છે. ચાલુ ભાષામાં લિંગ શબ્દ છે પણ લિંગ એટલે ચિહ્ન. પુત્ર અને પુત્રીનું બીજું બધું જ બરાબર હતું પણ એક ચિહ્ન એવું હતું કે તેનાથી નક્કી થઈ શકતું હતું. સ્થૂળ જગત હવે ચિહ્નમાત્ર છે. ચિહ્નમાત્ર નહોતું ત્યારે તો ઘણું બધું હતું. પંચમહાભૂત, પંચસૂક્ષ્મભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, અહંકાર અને મન; તે બધાંની હાજરી હતી. તે બધાં દ્વારા અનુભવ થતો હતો. પરંતુ તે બધાંનો લય થતાં થતાં હવે તો તે બધું 'ચિહ્નમાત્ર' બાકી રહ્યું છે. ચિહ્નમાત્ર, લિંગમાત્ર રહે ત્યારે તે છેલ્લી અવસ્થાથી બીજી અવસ્થા છે. મૂળ અવસ્થામાં જવામાં હવે તેને એક જ પરિણામ બાકી રહ્યું છે. એક પરિણામને પામે ત્યારે તે મૂળ પ્રકૃતિમાં ચાલી જશે અને ત્યારે તેનું ચિહ્ન પણ નહીં રહ્યું હોય. ત્યારે તેની વ્યક્ત અવસ્થા સંપૂર્ણ અવ્યક્ત અવસ્થામાં લય પામી ગઈ હશે. તેનું નામ મૂળપ્રકૃતિ અથવા અલિંગ.

અલિંગ : હવે કોઈપણ પ્રકારનું ચિહ્ન, લિંગ કે વ્યક્તપણું નથી કે જેથી તેનો અનુભવ થઈ શકે. આ કહેવાય અલિંગ અવસ્થા, ત્રિગુણની સામ્યાવસ્થા. ત્રિગુણમાં થોડી પણ વધઘટ થાય તેનું નામ વ્યક્તપણું, જગતની શરૂઆત; અને જ્યારે ત્રણે ગુણો સમાન થઈ જાય ત્યારે સામ્યાવસ્થા-અલિંગ અવસ્થા-અવ્યક્ત અવસ્થા-પ્રકૃતિ-મૂળ પ્રકૃતિ-માયા-મહામાયા-પ્રધાન. આગળનાં ત્રેવીસ અને આ એક અલિંગ મળીને ચોવીસ તત્ત્વો થયાં. જગતરચનામાં કુલ્લે આ ચોવીસ તત્ત્વો છે. અલિંગને જો ન ગણીએ તો ત્રેવીસ થયાં કારણકે અલિંગમાં બધાં મળી ગયાં. અને જો અલિંગની પણ ગણતરી કરીએ કે તે પણ એક સામ્યાવસ્થાવાળું તત્ત્વ, તો ચોવીસ તત્ત્વો થયાં. આ રીતે ચોવીસ તત્ત્વોના જાણવાથી કેટલી મહત્ત્વની જાણકારી પ્રાપ્ત થાય છે ? આ વાત આટલી લંબાણથી કેમ કરવી પડી? શું સમજાવવા માટે ? દૃશ્યોનું સ્વરૂપ સમજાવવા માટે.

દૃશ્યોનો દ્રષ્ટા-આત્મા સાથે સંયોગ થવો તે જ સઘળાં દુઃખોનું કારણ છે, તેથી તે દૃશ્યોને સારી રીતે સમજી લેવાં જોઈએ. તેને સારી રીતે સમજાવવા માટે તેનું સ્વરૂપ, તેનો સ્વભાવ અને તેનું પ્રયોજન કહેવામાં આવ્યું અને ચોવીસ તત્ત્વોમાં તેની અવસ્થાઓ પણ કહેવામાં આવી. તે ચોવીસ તત્ત્વો વિશેષ, અવિશેષ, લિંગમાત્ર અને અલિંગ

નામનાં ચાર પરિણામોને પ્રાપ્ત કરે છે. ભલે ગમે તે પરિણામોને પ્રાપ્ત કરે તો પણ તે દૃશ્યો જ છે તેવું સમજી લીધા પછી તેનાથી છેતરાવાનો ભય રહેતો નથી. દૃશ્યોનાં પરિણામોને, અવસ્થાઓને જો પૂર્ણપણે જાણી લીધી હોય તો તે જ્યારે જ્યારે જુદી જુદી અવસ્થાઓને પ્રાપ્ત કરે ત્યારે પણ આપણને ખબર રહે જ કે આ દૃશ્યો જ છે અને તેથી તેનાથી છેતરાઈએ નહીં. દૃશ્યો જ તમામ દુઃખોનું કારણ છે તેથી તે ન જોઈએ, ન જોઈએ, ન જોઈએ.

આપણને સાવધાન કરવા માટે અને કૈવલ્યની પ્રાપ્તિ કરાવવા માટે કેટલું બધું કહી નાંખ્યું ! પતંજલિ મુનિએ દૃશ્યોની એવી ગણતરી કરી નાખી કે તેના કયાં કયાં પરિણામો છે તે પણ આપણને કહી દીધાં. હવે જો કોઈને તેમાંથી લૌકિક સુખની પ્રાપ્તિ કરવી હોય તો તે પરિણામોને સારી રીતે સમજીને તે પણ કરી શકે છે અને તેના ક્રમને પૂર્ણ આત્મસાત્ કરીને મોટો વૈજ્ઞાનિક પણ બની શકે છે. આજ સુધી જે વિજ્ઞાનને પ્રકાશમાં લાવવામાં નથી આવ્યું તેવું વિજ્ઞાન પણ પ્રકાશિત કરી શકે છે અને જગતના એક મહવિજ્ઞાની તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી શકે છે. જગત સમક્ષ કોઈ એવા વિચક્ષણ નિયમની શોધ મૂકીને મહાન વિશ્વવિજ્ઞાનીની ગણતરીમાં પણ આવી શકે છે. અને એ તમામ વિજ્ઞાનથી ઉપર નીકળીને કૈવલ્યને પ્રાપ્ત કરી લેવું હોય તો તેમ પણ કરી શકે છે. સ્થૂળ અને સૂક્ષ્મ, લૌકિક અને અલૌકિક, ભૌતિક અને આધ્યાત્મિક બધા પ્રકારની સંપત્તિ દૃશ્યોના ઉપરોક્ત ક્રમમાં આપી દીધેલી છે, ગોઠવી દીધેલી છે. તે ક્રમને સાચી રીતે સમજીને જેને જે જોઈએ તે પ્રાપ્ત કરી શકે છે. આ ચોવીસ મૂળ તત્ત્વો અને તેમની ગણતરી શા માટે કરી ? તેમની ચાર અવસ્થાઓને બતાવવા માટે અને એક પછી એક પરિણામોને પ્રાપ્ત કરતાં એવાં તત્ત્વોના ક્રમને સમજાવવા માટે, કે આ પરિણામી એક પછી એક પરિણામને પ્રાપ્ત થાય અથવા ગમે તે પરિણામને પ્રાપ્ત થયેલું હોય કે ચાહે ગમે તે અવસ્થામાં હોય છતાં તે દૃશ્ય છે. તો, તેનાથી ચેતો, કારણકે તે જ તમામ દુઃખોનું કારણ છે. અસાવધ રહેવાથી ગમે તે પ્રકારે દૃશ્યનો સંયોગ દ્રષ્ટા સાથે થઈ જશે. દ્રષ્ટા કદી પણ છેતરાય નહીં કે ભુલાવામાં ન પડે તે માટે અને દ્રષ્ટાનો સંયોગ દૃશ્યોની જોડે થઈ ન જાય તે માટે દૃશ્યોનાં સ્વભાવ, સ્વરૂપ અને અવસ્થાઓને વિસ્તારપૂર્વક સમજાવી દેવામાં આવ્યાં છે. ભોગ અને મોક્ષ તેનું પ્રયોજન છે તે પણ કહી દેવામાં આવ્યું.

ચોવીસ જડતત્ત્વો, પચ્ચીસમું આત્મતત્ત્વ અને છવ્વીસમું પરમ તત્ત્વ, પરમાત્મ તત્ત્વ. પચ્ચીસમું ચેતનતત્ત્વ (આત્મા) અને છવ્વીસમું પરમચેતન તત્ત્વ (પરમાત્મા), આ બંનેને જુદાં ગણ્યાં છે. પુરુષ (આત્મા) જે કાંઈ કર્મો કરે છે તે કર્મોને અનુરૂપ આ ચોવીસ તત્ત્વોમાંથી પેલું છવ્વીસમું પરમતત્ત્વ તેને ભોગો આપે છે. ચેતન તત્ત્વ જે કાંઈ કર્મો કરે છે તે કર્મોને અનુરૂપ ફળ આપનાર છવ્વીસમું તત્ત્વ પરમાત્મા છે. આત્માને પોતાના કર્મ પ્રમાણેનાં ફળો પરમાત્મા ચોવીસ તત્ત્વોવાળી પ્રકૃતિમાંથી આપે છે. આ રીતે, પ્રકૃતિ, પુરુષ અને પરમેશ્વર અર્થાત્ જગત, જીવ અને જગદીશ્વરનું પ્રતિપાદન અષ્ટાંગયોગમાં છે. સાંખ્યયોગમાં ચોવીસ જડ તત્ત્વો અને પચ્ચીસમા ચેતનતત્ત્વની ગણતરી છે. તેમાં છવ્વીસમું તત્ત્વ નથી. જો કે છવ્વીસ તત્ત્વોને માનવાથી વિશ્વના ક્રમને સમજવામાં સરળતા પડે છે. જીવ (આત્મા-પુરુષ) પોતાને ઠીક લાગે તેવાં કર્મો કરતો રહે છે. તે કર્મોને અનુરૂપ ફળ આપનાર કોઈ હોવું જોઈએ. તે માટે છવ્વીસમું પરમ તત્ત્વ (પરમાત્મા) છે. પરમાત્મા, આત્માને બધાં ફળો શામાંથી આપે છે ? ચોવીસ તત્ત્વોમાંથી. બધા જ ભોગો આત્માને આ ચોવીસ તત્ત્વોમાંથી મળે છે. આત્મા કર્મ કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર છે અને કર્મ કરી રહ્યા પછી તેનાં ફળો પ્રાપ્ત કરવામાં સંપૂર્ણ પરતંત્ર છે; કયું બીજ વાવવું છે તે માટે તે સંપૂર્ણ સ્વતંત્ર છે પણ બીજ વાવી દીધા પછી તે સંપૂર્ણ પરતંત્ર છે.

લીમડાનું બીજ વાવીએ તો તેમાંથી લીમડો થાય. જો આંબો જોઈતો હોય તો ગોટલો વાવવો પડે. કયું બીજ વાવવું તે માટે સ્વતંત્રતા છે પણ લીમડાનું બીજ વાવીએ અને કેરીની ઇચ્છા રાખીએ તો તેમાં પરતંત્રતા છે. લીમડામાંથી લીંબોળી જ મળે. આ રીતે, કર્મ કરવામાં પુરુષ સંપૂર્ણ સ્વતંત્ર છે અને કર્મફળો પ્રાપ્ત કરવામાં સંપૂર્ણ પરતંત્ર છે. કર્મ કરી લીધા પછી તો જેવું કર્મ કર્યું હોય તેને અનુરૂપ જ ફળની પ્રાપ્તિ થાય. અને તે પ્રાપ્તિ

કરાવે, પરમાત્મા; પ્રાપ્તિ કરાવે ઉપર વર્ણવેલાં ચોવીસ તત્ત્વોમાંથી. આ રીતે, પોતાનાં કર્મ અનુસાર ફળો પુરુષને પ્રકૃતિમાંથી પરમાત્મા દ્વારા મળતાં રહે છે. એક મનુષ્ય બીજા મનુષ્યને કાંઈ આપે તેવી સ્થૂળ રીતે પરમાત્મા ફળો નથી આપતા. પરમાત્મા નિત્ય છે ? કઈ રીતે ? અપરિણામીપણાની રીતે નિત્ય છે. તેમનામાં કાંઈ પરિણામ જ નથી થતું. પરંતુ તેમની હાજરીમાત્રથી આ બધું થયા કરે છે. તેઓ તો કાંઈ જ કરતા નથી. તેઓ નથી તો પાપ કરવામાં પ્રેરણા આપતા કે નથી તો પુણ્ય કરવામાં પ્રેરણા આપતા. આત્મા કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ જે કર્મ થઈ ગયું તેનું ફળ ભોગવવામાં પરતંત્ર છે. તે કર્મ તો ભોગવવું જ જોઈએ, ભોગવ્યા વિના ન છુટાય. ભલે ભગવાનનો અવતાર હોય તોય કર્મફળ ભોગવ્યા સિવાય તેમાંથી ન છૂટી શકે. કર્મ કરી લીધું પછી પરતંત્ર. સ્વતંત્ર શેમાં છીએ ? જે દુઃખ હજુ નથી આવ્યું તેને રોકી શકીએ છીએ; તે દુઃખો ન આવે તેવાં કર્મો વર્તમાનમાં કરવા માટે સ્વતંત્ર છીએ. પરમાત્મા કોઈનો કાન પકડીને સત્કર્મો કે અસત્કર્મો કરાવતા નથી. કર્મ પ્રમાણેનાં ફળો પરમાત્મા આપે છે પણ સ્થૂળ રીતે નહીં. પરમાત્માની હાજરીમાત્રથી કર્મફળો મળ્યે જાય છે. લીમડામાંથી લીમડો થયો, પીપળામાંથી પીપળો થયો, આંબામાંથી આંબો થયો તે પરમાત્માની હાજરીના કારણે. જગતમાં બધે જ વ્યવસ્થા જોવામાં આવે છે. જ્યાં વ્યવસ્થા હોય ત્યાં વ્યવસ્થાપક હોય જ. પણ આ વ્યવસ્થાપક લૌકિક નથી, આ તો અલૌકિક વ્યવસ્થાપક છે.

આપણે જેવી રીતે વ્યવસ્થા કરીએ છીએ તેવી રીતે પરમાત્માને વ્યવસ્થા નથી કરવી પડતી. કેવળ તેમની હાજરી છે તેથી જ બધું વ્યવસ્થિત ચાલી રહ્યું છે. અમુક સમયે જ સૂર્યોદય થાય, અમુક સમયે જ સૂર્યાસ્ત થાય; સૂર્ય ગરમ અને ચંદ્ર શીતળ; અમુક સમયે ભરતી અને અમુક સમયે ઓટ વગેરે જે અલૌકિક નિયમો જોવામાં આવે છે તેનો કોઈ નિયામક જરૂર છે. પરંતુ કેવો નિયામક છે ? જેની હાજરીમાત્રથી બધું થઈ જાય તેવો. જેમ તેલમાંથી વેજીટેબલ ઘી બનાવવા માટે જસતનો ઉપયોગ કરવામાં આવે છે, નહીં તો તેલમાંથી ઘી બને જ નહીં. જસતની સળીની હાજરીથી લાખો ટન તેલ જમાવી દેવામાં આવે છે, ત્યાર પછી પણ તે સળીમાં કોઈ પ્રકારની વધઘટ નથી થતી. લાખો ટન તેલને જમાવીને પણ તે જસત તો નિર્વિકાર રહે છે. તેની માત્ર હાજરીથી જ આ બધું કાર્ય થાય છે. તો આમ, કર્મફળો પણ પરમાત્માની હાજરીમાત્રથી જ મળી રહ્યાં છે. તો આ રીતે, છવ્વીસમા તત્ત્વ તરીકે પરમાત્માનો સ્વીકાર યોગશાસ્ત્રે કરેલો છે.

આ રીતે ચોવીસ તત્ત્વો તે 'જડ' તત્ત્વો, પચ્ચીસમું ચેતન તત્ત્વ તે 'આત્મતત્ત્વ' અને છવ્વીસમું ચેતનતત્ત્વ તે 'પરમાત્મતત્ત્વ.' આ રીતે આત્મા અને પરમાત્મા એવા બે શબ્દો થયા. આના માટે પણ જુદાં જુદાં શાસ્ત્રોમાં ઘણાં વર્ણનો છે. જેમકે અમુક સાંપ્રદાયિક ગ્રંથોમાં ગૂઢાર્થમાં લખ્યું છે કે જ્યારે સૂર્ય અને ચંદ્ર નહોતા, તારા અને પૃથ્વી પણ નહોતાં ત્યારે પણ કબીર સાહેબ હતા. "ત્યારે પણ કબીર સાહેબ હતા" તેનો અર્થ એવો નહીં કે કબીર નામનું જે શરીર થઈ ગયું તે હતું. પણ જે છવ્વીસમા ચેતનતત્ત્વની વાત થઈ તે 'સાહેબ', તે 'ગુરુ' તે વખતે હતા; એટલે કે પ્રલય અવસ્થામાં પણ હતા. પ્રલય અવસ્થા એટલે ત્રિગુણની સામ્ય અવસ્થા, અલિંગ અવસ્થા. તે વખતે મૂળ પ્રકૃતિરૂપે જડ તત્ત્વ પણ હતું. આમ, જુદાં જુદાં વર્ણનોને અનુભવીઓ પાસેથી સમજી લેવાથી તેનું રહસ્ય અને એકત્વને સમજી શકાય છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ તો આત્મા, પરમાત્મા અને આ ચોવીસ તત્ત્વો મળીને છવ્વીસ તત્ત્વો છે.

●●●●

સૂક્ષ્મ શરીરને પણ ખોરાક આપવો જોઈએ

સંકલન : શશીકાંત પટેલ

પ્રવકતા : યોગભિક્ષુ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ શિષ્ય મંડળ સહિત રાજકોટ મુકામે કે. રસિકલાલ એન્ડ કું. વાળા ગુરુપ્રેમી શ્રી રસિકભાઈના નિવાસે તેમના અતિ આગ્રહથી પધરામણી કરી હતી. પધરામણી દરમ્યાન તા. ૨૧-૧૧-

૯૩ના રોજ સવારે દશ વાગ્યે સ્વાધ્યાય સત્સંગનો દિવ્ય કાર્યક્રમ યોજાયો. સ્વાધ્યાયની શરૂઆતમાં પ્રણવવંદના, પ્રણવ-જપ-મહાત્મ્ય અને ગુરુઅષ્ટકનું ગાન ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું. ત્યારબાદ પૂ. ગુરુદેવ રચિત ક્રાંતિકારી ભજનોનું ગાન થયું. ભજનોના શબ્દો સાંભળી ઉપસ્થિત શ્રોતાગણ અભિભૂત થઈ ગયો. ભજનના કાર્યક્રમ બાદ પૂજ્યશ્રીએ પ્રવચનની શરૂઆત કરી -

"સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

"શાસ્ત્રમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ પ્રકારનાં શરીર વર્ણવવામાં આવ્યાં છે. આપણે જે ખાઈએ છીએ - દાળ, ભાત, શાક, રોટલી, દૂધ, દહીં ઇત્યાદિ- તે સ્થૂળ શરીરનો ખોરાક છે. સ્થૂળ શરીરને ખોરાક આપવાની સાથે સાથે સૂક્ષ્મ શરીરને પણ ખોરાક આપવાની જરૂર છે. જો સૂક્ષ્મ શરીરને ખોરાક આપવામાં ન આવે અને કેવળ જ સ્થૂળ શરીરને સ્થૂળ ખોરાક આપીઆપીને ગમે તેટલું પુષ્ટ બનાવવામાં આવે તો પણ એ શરીર પૂર્ણપણે કામ ના આપે, અધવચ્ચે જ શિથિલ થઈ જાય, વૃદ્ધાવસ્થા વહેલી આવી જાય; રોગ, કાળ પહેલાં જ શરીરને ગ્રસવા લાગે. તેથી સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર બંનેને બરાબર જાળવવાં પડે અને તે માટે બંનેને ખોરાક આપવો પડે.

"આપણે સૌ સ્થૂળ ખોરાક તો બરાબર લઈએ છીએ પરંતુ કયારેક અજ્ઞાનતાના કારણે, કે કયારેક ઓછી સગવડના કારણે સૂક્ષ્મ શરીરને જરૂરી એવો સૂક્ષ્મ ખોરાક નથી લેતા. તો, એ વાત આપણે બરાબર સમજી લેવી જોઈએ કે સૂક્ષ્મ શરીરને પણ તેને જરૂરી એવો ખોરાક મળવો જોઈએ. જેમ કોઈ એક મકાન બહારથી ગમે તેટલું સુંદર દેખાતું હોય, પરંતુ તેની દીવાલો, એનો પાયો કે જેના આધારે એ મકાન ઊભું છે, તે કમજોર હોય તો તેનું આયુષ્ય કેટલું ? ખૂબ જ ઓછું. તેમ સૂક્ષ્મ શરીર ઉપર જ સ્થૂળ શરીરનો ઢાંચો બંધાયેલો છે, તેથી સૂક્ષ્મ શરીર કમજોર હોય તો સ્થૂળ શરીર પણ વહેલું ભાંગી પડે. આપણા શરીરમાંના કોઈ એક અંગનો અતિશય વિકાસ કરી નાખીએ અને બીજા અંગ તરફ ધ્યાન જ ન આપીએ તો શું સ્થિતિ થાય ? તો આપણી તંદુરસ્તી જળવાય નહીં. જેમકે કોઈ વ્યક્તિ ખૂબ કસરત કરીને છાતીનો કે બાવડાનો એટલો વિકાસ કરે, એટલો વિકાસ કરે કે એ અંગ એટલાં મોટા થઈ જાય કે શરીર તેનો ભાર જ ઉપાડી ના શકે તો તે એકાંગી વિકાસ થયો, વિઘ્ન થયું. દરેકે એકાંગી નહીં પરંતુ સર્વાંગી વિકાસ કરવાનો છે. વળી, જેમ સ્થૂળ શરીરનો વિકાસ જરૂરી છે તેમ સ્થૂળ શરીર જેના ઉપર આધારિત છે તેવા સૂક્ષ્મ શરીરને પણ સુદૃઢ, સશક્ત રાખવું અનિવાર્ય આવશ્યક છે. અને તેથી સૂક્ષ્મ શરીરને પણ સ્થૂળ શરીરની જેમ ખોરાક મળવો જોઈએ. સૂક્ષ્મ શરીરનો ખોરાક છે સત્સંગ - સત્સંગમાંથી મળતો આનંદ.

"આપણે 'સચ્ચિદાનંદ' શબ્દ ઘણી વાર બોલતા હોઈએ છીએ. સચ્ચિદાનંદ એટલે સત્, ચિત્ત અને આનંદ. સત્ એટલે સત્ય; જે અસત્ય નથી તે સત્ય, કે જે સદાકાળ અખંડ-એકરસ હોય છે. જે કદી અસત્ નથી થતું, જેમાં કદી પરિવર્તન નથી આવતું, જેમાં કદી વિકાર પ્રવેશી શકતો નથી એને સત્ કહેવામાં આવે છે. બીજો શબ્દ છે ચિત્ત - ચિત્ત કહેતાં ચૈતન્ય. અને ત્રીજો શબ્દ છે આનંદ. તો, જ્યાં સત્ અને ચિત્ત હોય ત્યાં આનંદ હોય જ. સત્સંગમાં આપણે સત્ અને ચિત્તનો વધુમાં વધુ આવિર્ભાવ કરીએ છીએ, વધુમાં વધુ એ અભિવ્યક્ત થાય છે અને એનો આનંદ સૂક્ષ્મ શરીરને મળે છે. સૂક્ષ્મ શરીરનો એ ખોરાક છે.

"આપણે આપણી અજ્ઞાનતાના કારણે સૂક્ષ્મ શરીરને ખોરાક આપતા નથી અને ચોવીસે કલાક અને બારે માસ વહેવાર-પ્રપંચમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ. આપણો સાચો આનંદ શેમાં રહેલો છે તે જાણતા નથી અને તેથી મિથ્યા આનંદને પ્રાપ્ત કરવા, મૃગલું જેમ મૃગજળ પ્રાપ્ત કરવા દોટ મૂકે છે તેમ આંધળી દોટ મૂકી રહ્યા છીએ. મૃગલો પોતાની તરસ છિપાવવા મૃગજળ પાછળ દોડે છે ત્યારે જેમ જેમ એ મૃગલો મૃગજળ તરફ આગળ વધે છે તેમ તેમ મૃગજળ પણ આગળ ને આગળ વધતું જાય છે, દૂર અને દૂર દેખાતું જાય છે. મૃગલો મૃગજળને પ્રાપ્ત તો નથી કરી શકતો પરંતુ દોડીદોડીને છેવટે હાંફીને બેસી જાય છે, મરી જાય છે. પરંતુ એ મૃગજળ કદીયે તેના હાથમાં નથી આવતું. મૃગ એ તો પશુ હતું તેથી તેને એ ખબર ન પડી કે તે જેની પાછળ દોડી રહ્યું છે તે તો મૃગજળ છે, ઝાંઝવાનાં નીર છે ; એ કદી હાથમાં નહીં

આવે, એનાથી કદી તૃષા નહીં છિપાય. પરંતુ આપણે તો મનુષ્ય છીએ, આપણને તો એ ખબર પડવી જોઈએ કે મૃગજળ આપણા હાથમાં કદી નહીં આવે. અને જો મનુષ્ય હોવા છતાં પણ આપણને સારાસાર, નિત્યાનિત્ય વિવેકની પ્રાપ્તિ ન થઈ તો આપણે પશુ સમાન જ છીએ, મૃગલા સમાન જ છીએ. આપણે પણ મૃગજળ પાછળ જ દોડી રહ્યા છીએ અને એક કાળે હાંફીહાંફીને તરસ્યા ને તરસ્યા જ તરફડીને મરી જવાના છીએ.

''ગંધર્વે ધર્મરાજ યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો કે જગતમાં મોટામાં મોટું આશ્ચર્ય કયું ? યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે જગતમાં ચારે બાજુ બધા મરી રહ્યા છે, એ બધું જોવા છતાંય મનુષ્ય એમ સમજે છે કે એ બધા ભલે મરી રહ્યા પણ હું નથી મરવાનો; એ, જગતમાં મોટામાં મોટું આશ્ચર્ય છે. મહાભારતનું આ દૃષ્ટાંત આપણું જ દૃષ્ટાંત છે. આપણે એમ સમજીએ છીએ કે આપણે નથી મરવાના. કોઈ એમ કહે કે 'ના ભાઈ, અમે તો એમ કાંઈ નથી સમજતા. અમને તો બરાબર ખબર છે કે અમે મરવાના છીએ.' જો કોઈ આમ કહે તો તેને કહેવું પડે કે તું મરવાનો છું તેની તને ખબર નથી. જેને હકીકતમાં તે વાતની ખબર હોય તેનું જીવન પલટાઈ જાય. સામાન્ય મનુષ્યની જેમ એનું ખાવા-પીવાનું, રહેવાનું સરખું હોવા છતાં એની અંદરની સમજણ પલટાઈ જાય.

''આપણે ગાયત્રીમંત્ર બોલીએ છીએ. ગાયત્રીમંત્ર બુદ્ધિની શુદ્ધિનો મંત્ર છે. બુદ્ધિની શુદ્ધિ એટલે 'તત્ર ઋતંભરા પ્રજ્ઞા.' ઋત એટલે સત્ય. આપણી બુદ્ધિ સત્યથી ભરાઈ જાય, સત્યથી ભરપૂર થઈ જાય ત્યારે તેને પ્રજ્ઞા કહેવામાં આવે છે. સત્ય અને ઋત એ બંનેમાં શું ફર્ક છે ? સત્ય એટલે સત્ય અને ઋત એટલે સ્વાનુભવયુક્ત સત્ય. કોઈએ આપણને કહ્યું કે શેરડી મીઠી છે, તો એ સત્ય છે ખરું પણ તે સાંભળેલું સત્ય છે. પરંતુ શેરડી આપણે જાતે ખાઈએ અને પછી કહીએ કે શેરડી મીઠી છે તો એ ઋત થયું - અનુભવેલું સત્ય થયું. જ્યારે બુદ્ધિની શુદ્ધિ થાય છે ત્યારે તે 'ઋતમ્ભરા પ્રજ્ઞા' કહેવાય છે; ત્યારે નિત્યાનિત્ય વિવેકની પ્રાપ્તિ થાય છે, સાક્ષાત્કાર થાય છે. સાક્ષાત્કાર એટલે સ-અક્ષત્-આકાર. પછી સાક્ષાત્કારી મનુષ્યને જીવ, જગત અને જગદીશ્વર; પુરુષ, પ્રકૃતિ અને પરમેશ્વર એ બધું જેમ છે, જ્યાં છે, જેવી રીતે છે તેની પ્રતીતિ થઈ જાય છે. પછી તો તેનું આયુષ્ય હોય ત્યાં સુધી તે જીવ્યે જાય છે. એનાં બાહ્ય લક્ષણોમાં કોઈ પરિવર્તન નથી આવતું. એ જે કાંઈ કરતો હોય એ કરતો રહે પરંતુ તેનું અંદરનું જગત, અંદરની સમજણ પલટાઈ ગઈ હોય છે. એના જીવનમાંથી રાગદ્વેષ ટળી જાય છે. એનાં કુતૂહલ-જિજ્ઞાસા આથમી જાય છે. આમ, તે ખૂબ ઊંચી સમજણને પ્રાપ્ત કરી લે છે. ''પુનરપિ મરણમ્ પુનરપિ જનનમ્ પુનરપિ જનની જઠરે શયનમ્.'' ફરીફરીને મરવું, ફરીફરીને જન્મવું, ફરીફરીને ગર્ભમાં ઊંધે મસ્તકે લટકવું, ગર્ભવાસની યાતના ભોગવવી. જેણે સાચી સમજણની પ્રાપ્તિ કરી છે તે ચોર્યાશી લાખના ચક્કરમાંથી છૂટી જવાના પુરુષાર્થમાં લાગી ગયો હોય છે.

''ગર્ભ ઉપનિષદમાં જીવાત્મા ગર્ભમાં હોય છે ત્યારે તેની સ્થિતિ કેવી હોય છે તેનું ખૂબ ખૂબ વર્ણન આવે છે. ગર્ભમાં હોય છે ત્યારે જીવ ભગવાનને પ્રાર્થના કરે છે કે 'હે ભગવાન ! હવે મને આ ઉષ્ણતામાંથી, આ ગંદી જગ્યામાંથી મુક્ત કરો. હવે મારો જન્મ થયા પછી હું આપને નહીં ભૂલું, હું આપનું ભજન કરીશ.' પરંતુ જન્મ થતાંની સાથે જ જે ઘડીએ બહારના આકાશનો શ્વાસ એના ફેફસામાં જાય છે, એ જ ઘડીએ એની એ બધી સ્મૃતિ લોપ થઈ જાય છે. એ વખતે એનો કેવળકુંભક તૂટે છે. યોગશાસ્ત્રમાં કેવળકુંભકનું ઘણું જ ઊંચું સ્થાન છે. જેણે કેવળકુંભક સિદ્ધ કર્યો છે એના માટે ત્રણેય લોકમાં કાંઈ જ દુર્લભ નથી. જ્યારે જીવાત્મા ગર્ભમાં હોય છે ત્યારે તેનો કેવળકુંભક હોય છે. પરંતુ જન્મ થતાંની સા[ક્ષ]ણ, બહારની હવાનો સ્પર્શ થતાંની સાથે જ તેનો કેવળકુંભક તૂટે છે. અને કેવળકુંભક તૂટવાની સાથે જ ગર્ભવાસમાં કેવળકુંભકની સ્થિતિમાં જે સંકલ્પો કરેલા તે ભૂલી જાય છે. પછી તો વધુ ને વધુ, વધુ ને વધુ બહારના જગતમાંથી શ્વાસપ્રશ્વાસ લે છે. જેમ જેમ મોટો થતો જાય છે, જગતના વહેવાર અને પ્રપંચમાં આવતો જાય છે તેમ તેમ ગર્ભવાસમાંના સંકલ્પો વધુ ને વધુ ભૂલતો જાય છે.

''જગતના પ્રપંચ અને વહેવારની માયાજાળમાંથી બચવા માટે, મુક્ત થવા માટે શુદ્ધ બુદ્ધિ પ્રાપ્ત કરવાની. શુદ્ધ બુદ્ધિ એટલે આવી આધ્યાત્મિક વાતોનું સતત સાતત્ય

રહે. આપણે આપણો વધુ સમય વહેવાર-પ્રપંચના વાતાવરણમાં ગાળીએ છીએ અને તેથી તેનાથી રંગાયેલા રહીએ છીએ. તો, એમાંથી થોડા મુક્ત થઈએ એટલા માટે સત્સંગ ગોઠવીએ છીએ, ગુરુસંતોને મળીએ છીએ. ગુરુસંતોના સાંનિધ્ય અને સત્સંગમાંથી મળતો આનંદ સૂક્ષ્મ શરીરને પુષ્ટ કરવા માટે અતિ જરૂરી છે. ગમે તેટલા ભોગો ભોગવીશું, સ્થૂળ શરીરને ગમે તેટલા લાડ લડાવીશું તો તેથી બહારનું સ્થૂળ શરીર જ પુષ્ટ થશે પરંતુ અંદરનું સૂક્ષ્મ શરીર નિર્બળ રહી જશે. અને એના કારણે પાયો કાચો રહી જશે તો પછી રોગ, બુઢાપો ઇત્યાદિ વહેલા જકડી લેશે.

"સ્વાધ્યાય-સત્સંગ અને ગુરુસંતોના સાંનિધ્યથી મળતો આનંદ સૂક્ષ્મ શરીરનો ખોરાક છે એ વાતને તો સમજ્યા પરંતુ એ સમજવું પણ જરૂરી છે કે કેવા ગુરુસંતોના સાંનિધ્યથી, કેવા ગુરુસંતોના ચરણોમાં બેસવાથી આનંદની પ્રાપ્તિ થાય છે ? જે ગુરુસંતોએ 'ઋતમ્ભરા પ્રજ્ઞા'ની પ્રાપ્તિ કરી લીધી હોય અને તે દ્વારા છ વિકારોથી ઉપરામ થઈ ગયેલા હોય, જેઓ લઘુપણામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગયા હોય અને પોતાનું જીવન જીવનમુક્ત થઈને વિતાવતા હોય, જે ગુરુસંતો પૂર્ણ સંતોષને પ્રાપ્ત કરી ચૂકયા હોય તેવા ગુરુસંતોના ચરણોમાં બેસવાથી મળતો આનંદ સૂક્ષ્મ શરીરને પુષ્ટ કરે છે નહીં તો-

ગુરુકપટી, લાલચી ચેલા, દોનોં નરકમેં ઠેલમઠેલા.

જેવી સ્થિતિ થાય. શિષ્ય કેવો છે ? લાલચથી ભરેલો છે. તે એવી જ ગણતરીમાં રાચતો હોય છે કે ગુરુસંતો પાસેથી કઈ રીતે એવા આશીર્વાદ લઈ લઉં કે મને લોટરી લાગી જાય, કે મને આની પ્રાપ્તિ થઈ જાય કે મને તેની પ્રાપ્તિ થઈ જાય ? અને ગુરુ પણ કેવા છે ? કપટી. કહે કે 'બેટા, હો જાયેગા લેકિન ઈતના યે લાના પડેગા, ઈતના વો લાના પડેગા; મૈં ઈતના જપ કરૂંગા, ઐસા કરૂંગા, તૈસા કરૂંગા, ફિર સબ હો જાયેગા.' આમ ગુરુની દૃષ્ટિ કાયમ શિષ્યના ખિસ્સા ઉપર જ હોય કે એના ખિસ્સામાંથી મારા ખિસ્સામાં કયારે આવી જાય, કેટલું બધું આવી જાય. ગુરુ અને શિષ્ય બંને આવા હોય તો તેમની કેવી સ્થિતિ થાય ? દોનોં નરકમેં ઠેલમઠેલા જેવી સ્થિતિ થાય. ગુરુસંતોની અને શિષ્યની સ્થિતિ ખરેખર કેવી હોવી જોઈએ ? ગુરુ પણ સંતોષી અને શિષ્ય પણ સંતોષી. એવા શિષ્યને ગુરુ પાસેથી કાંઈ લેવાનું નથી એમ નહીં. એને તો ઘણું બધું લેવાનું છે, બીજા કોઈ આપી ન શકે એવું લેવાનું છે, પોતાના પુરુષાર્થ અને પ્રયત્ન દ્વારા પ્રાપ્ત ન થઈ શકે એવું લેવાનું છે - કે જે એક વખત લીધા પછી કોઈની પણ પાસેથી કદી કાંઈ લેવું ના પડે એવું લેવાનું છે. અસ્તુ.

"એડવોકેટ અને ભક્ત એમ બે મિત્રો. તેઓ ડાકોરની યાત્રાએ ગયા. બંને સારી ધર્મશાળામાં ઊતર્યા. રોજ સવારે નાહી ધોઈ ઠાકોરજીના દર્શન કરવા મંદિરે જાય. સાંજે ફરી દર્શને જાય. બાકીના સમયમાં ભજન-સત્સંગ કરે. આમ ચારપાંચ દિવસ વ્યતીત થયા. એક દિવસ એડવોકેટ સાહેબ ધર્મશાળામાં ભગતને કહે, 'ભગતજી ! ડાકોરમાં બહુ આનંદ આવે છે. રોજ ઠાકોરજીનાં દર્શનનો લાભ મળે છે, ભજન-સત્સંગ કરીએ છીએ. આમ આનંદથી દિવસો પસાર થઈ રહ્યા છે. પણ ડાકોરમાં એક ત્રાસ બહુ મોટો છે.' ભગત કહે, 'હેં ! ડાકોરમાં ત્રાસ છે ?! સાહેબ તમને કયો ત્રાસ લાગ્યો ? મને કાંઈ સમજણ ના પડી !' એડવોકેટ કહે, 'ભગત તમે જોતા નથી કે મંદિર જઈએ છીએ તો મંદિરના બહારના ભાગમાં કેટલા બધા ભીખ માંગનારા ઊભા હોય છે. આપણને જોતાં જ - બાપજી આપો પાંચિયું, બાપજી આપો દશિયું, સાહેબ આપો રૂપિયો- કહેતા આપણને વળગી પડે છે. મંદિરમાં પણ સહેલાઈથી જવા દેતા નથી. ડાકોરમાં આ ભીખ માંગનારાનો જબરો ત્રાસ છે.' ભગત આ સાંભળી ખડખડાટ હસી પડ્યા, હસતા હસતા એડવોકટને કહે, 'અરે ! મારા સાહેબ, આ ભીખમંગાઓનો તમને ત્રાસ લાગ્યો? તો, આપણે પણ ઠાકોરજી પાસે જઈને શું કરીએ છીએ ? એ ભીખમંગા તો સારા કે પાંચિયું-દશિયું આપો એટલે દૂર જતા રહે છે. પરંતુ આપણું તો પાંચિયા-દશિયાથી પતતું નથી. આપણે તો મોટરો જોઈએ છે, આપણે તો દીકરો જોઈએ છે, આપણે તો કોર્ટમાં કેસ જીતવો છે અને આપણે તો અસાધ્ય રોગમાંથી મુક્ત થવું છે. આવું આવું તો સવારથી સાંજ સુધી ઠાકોરજી પાસે કેટલુંય માંગીએ છીએ; તોય ઠાકોરજી કંટાળતા નથી અને તમે ફક્ત ચાર-પાંચ દિવસથી ડાકોરમાં આવ્યા છો અને આ ભીખમંગાઓથી કંટાળી ગયા !?'

"વાત કેટલી પ્રેરક અને ઉપદેશ આપનારી છે !

ભગવાન પાસે આપણે સૌ ભિખારી જ છીએ. પરંતુ આપણી ભીખ પાંચિયા-દશિયાની કે પુત્રપરિવારની કે મોટર-બંગલાની ના હોવી જોઈએ. એ કૃપા તો ભગવાને આપણા ઉપર વણમાંગી કરી છે. આપણે તો હવે ફરીફરીને દુઃખના ચક્કરમાં ન આવીએ એવા જ્ઞાનની, એવા રહસ્યની પ્રાપ્તિ કરવાની છે. ગુરુસંતો પાસેથી પણ ગુરુજ્ઞાન માંગવાનું છે. જો કે આપણે ગુરુસંતો પાસે ભૌતિક સુખોની પ્રાપ્તિ માટેની ઈચ્છા કરીએ તો પૂરી ના થાય ? એ ઈચ્છા પણ ગુરુસંતો પાસેથી પૂરી થાય. પરંતુ તો પછી ગુરુસંતો પાસે જઈને આપણે કંચનના બદલે કાચ લીધા બરાબર થાય.

ભગત જગતકો ઠગત હૈ, ભગત ઠગે ના કોઈ;
એક બાર જો ભગત ઠગે, તો કોટિ યજ્ઞ ફલ હોઈ.

આ ખૂબ જ રહસ્યની વાત છે. ભગત કહેતાં ભક્ત. ભક્તને કોઈ ઠગી ના શકે. આપણે ભક્ત દ્વારા ઠગાઈ રહ્યા છીએ. ભક્ત એટલે ગુરુસંતો, આધ્યાત્મિક પુરુષો, શ્રદ્ધેય પુરુષો, મહાત્મા પુરુષો, પૂજનીય પુરુષો કે જે ગુરુ છે, ભલે તેમનાં બાહ્ય રૂપરંગ ગમે તે હોય - તે ચાહે ક્લીન શેવ હોય, ચાહે પંચકેશવાળા હોય, ચાહે ભગવાં કપડાં પહેર્યાં હોય કે ચાહે સફેદ વસ્ત્ર પહેર્યાં હોય, કે ચાહે ઝૂંપડીમાં રહેતા હોય કે ચાહે મહેલમાં રહેતા હોય - પરંતુ તે ગુરુ હોય, ગુરુ કહેતાં સંત-મહંત. સ+અંત સંત. મહ્+અંત મહંત. જેના રાગદ્વેષનો, જેના લઘુપણાનો સારી રીતે અંત આવી ગયો છે તેને સંત-મહંત કહેવાય, ગુરુ કહેવાય. ગુરુસંતો પાસે શું હોય ? ગુરુજ્ઞાન. ભક્તો પાસે શું હોય ? ભગવાન. અને ભગવાન એટલે ફરીફરીને દુઃખમાં ન સપડાવું પડે એવા ઉચ્ચ પ્રકારનું જ્ઞાન. કોઈ કહેશે કે મને ભગવાનનો સાક્ષાત્કાર થયો છે, કોઈ કહેશે કે અમને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, કોઈ કહેશે કે અમે સમાધિમાં આટલા કલાક બેસીએ છીએ, કોઈ કહેશે કે અમારા માથે હાથ મૂકીને અમારા ગુરુજીએ કૃપા વરસાવી છે. શક્તિપાત કર્યો છે. એ બધું જ થયું હોવા છતાં જેને ભગવાનનો સાક્ષાત્કાર ના થયો હોય, જેણે શક્તિપાત ન કરાવ્યો હોય એનું જીવન અને જેણે એ બધું પ્રાપ્ત કર્યાનો દાવો કર્યો છે એનું જીવન - એ બંનેનાં જીવન બરાબર બરાબર હોય તો ભગવાનના સાક્ષાત્કારની મતલબ શું ? ભગવાનના સાક્ષાત્કાર કાજે શા માટે એટલું બધું મથવું જોઈએ, જો એના જીવનમાં અને જેને સાક્ષાત્કાર નથી થયો એના જીવનમાં કાંઈ ફેર ના હોય તો ?! સાક્ષાત્કારની મતલબ છે સ+અક્ષત્+આકાર. જે, જેવું, જ્યાં છે તે, તેવું, ત્યાં દેખાવું તેનો અર્થ સાક્ષાત્કાર. અસ્તુ

"ભક્ત પાસેથી શું પ્રાપ્ત કરવાનું છે ? પારસમણિ. કોઈની પાસે પારસમણિ હોય અને એની પાસે લોખંડ લઈ જઈએ તો તે સુવર્ણ બનાવી આપે. પરંતુ એ તો, આપણે જેટલું લોખંડ લઈ જઈએ તેટલું જ સુવર્ણ બનાવી આપે. પણ તેની પાસેથી પારસમણિ જ લઈ લઈએ તો આપણે ગમે તેટલા લોખંડને સુવર્ણ બનાવી શકીએ.

પારસમણિ કે સ્પર્શસે કંચન ભયી તલવાર,
તુલસી તીનોં ના ગયે, ધાર, માર, આકાર.

ગુરુસંતોના સંપર્કથી, એમના સહકારથી આપણને કંઈક તો પ્રાપ્ત થાય જ, જેમ પારસમણિના સ્પર્શથી લોઢાની તલવાર સોનાની થઈ ગઈ, પરંતુ તેનાં ધાર, માર અને આકાર તો એનાં એ જ રહ્યાં, તે ના ગયાં. ગુરુસંતોએ પોતાનું કામ તો જરૂર કર્યું, તેમણે શિષ્યનું લોહત્વ ટાળી દીધું પરંતુ શિષ્ય સાવધાન નહોતો તેથી તેનાં ધાર, માર, આકાર - ધાર-માર-આકાર કહેતાં સ્વભાવ-પ્રકૃતિ - ના ગયાં. તો, ગુરુ-સંતોની, ભક્તોની સહાયતા લઈ, મદદ લઈ અને પછી આપણે બરાબર મચી પડવું જોઈએ. જો તેમ ન કરીએ તો ગુરુજી આપણા કલ્યાણ માટે જેટલો પ્રયત્ન કરે એટલું જ કામ થાય અને પછી આપણે સ્વપ્રયત્ને આગળ વધવાનું હોય તો આગળ ન વધી શકીએ. બીજા પણ એક સુંદર દોહાને સમજીએ.

એક લોહા પૂજામેં રાખત, એક બધિક ઘર પરો;
યહ દુવિધા પારસ નહીં જાનત, કંચન કરત ખરો.

બંને દોહા કેટલા સુંદર છે ! પહેલા દોહામાં કહ્યું- પારસમણિના સ્પર્શથી લોહાની તલવાર સોનાની તો થઈ ગઈ પરંતુ તેનાં ધાર, માર અને આકાર ના ગયાં. બીજા દોહામાં શું કહ્યું ? 'એક લોહા પૂજામેં રાખત.' લોખંડની મૂર્તિ કે જેને આપણે આપણી ભાવના મુજબ રામ કહીએ, કૃષ્ણ કહીએ કે ગમે તે કહીએ પણ તે છે તો લોઢાનો એક ટુકડો જ. તેને આપણે આપણી પૂજારૂમમાં મૂર્તિ તરીકે રાખ્યો છે. 'એક બધિક ઘર પરો.' બધિક એટલે શિકારી.

તેના શિકાર કરવા માટેના બાણનો આગળનો ભાગ લોઢાનો હોય છે. આમ એક લોઢાનો ટુકડો શિકારીના ઘેર છે જેનો ઉપયોગ પશુહિંસા માટે થાય છે. તો, એક લોઢાનો ટુકડો જે પૂજા-ઉપાસના માટે પૂજારૂમમાં રાખ્યો છે અને બીજો લોઢાનો ટુકડો કે જેના દ્વારા શિકારી શિકાર કરે છે - એ બંનેને પારસમણિનો સ્પર્શ કરાવવામાં આવે તો પારસમણિ તો એ બંનેને સુવર્ણ બનાવી દે છે. 'यह दुविधा पारस नहीं जानत, कंचन करत खरो.' પારસમણિ એમ નથી કહેતો કે જે લોઢાના ટુકડાની પૂજા થાય છે તેને હું સુવર્ણ બનાવીશ અને જેના દ્વારા પશુહિંસા થાય છે તેને હું સુવર્ણ નહીં બનાવું. પારસમણિ તો બંનેને સુવર્ણ બનાવી જ દે છે. તો વાત ચાલતી હતી -

भगत जगतको ठगत है, भगत ठगे ना कोई;
एक बार जो भगत ठगे, कोटि यज्ञफल होई.

ભક્ત પાસે ભગવાન છે; એટલે કે સાચી સમજણનું, નિત્યાનિત્ય વિવેકનું જ્ઞાન છે, અતિ કિંમતી જ્ઞાનરૂપી પારસમણિ છે. આપણે તેમના દર્શને જઈએ છીએ ત્યારે આપણે જ્ઞાનરૂપી પારસમણિને લેવાનો પ્રયત્ન નથી કરતા, પરંતુ ભૌતિક સુખસાધન જ ઇચ્છીએ છીએ. અને એ રીતે આપણે ભક્ત પાસે ઠગાઈને પાછા આવીએ છીએ. જે આપણને સો રૂપિયા આપી શકે તેમ હોય તેની પાસે આપણે પાંચિયું-દશિયું માંગીએ તો આપણે છેતરાયા કહેવાઈએ. તો આમ, ભક્ત પાસે આપણે ઠગાઈને આવીએ છીએ. ભક્તને કોઈ ઠગી શકતું નથી. ભક્તને ઠગ્યા કહેવાય ? જ્યારે તેમની પાસેથી વધુમાં વધુ કિંમતી વસ્તુને - ભગવાનને, નિત્યાનિત્ય વિવેકરૂપી જ્ઞાનને, સૂક્ષ્મ શરીરના આહારને-માંગીને લઈએ ત્યારે. આમ, જો એક વખત ભક્તને ઠગ્યા, તેમની પાસેથી ભૌતિક સુખ માગવાને બદલે અતિ કિંમતી જ્ઞાન પ્રાપ્ત કરી લીધું તો કોટિ યજ્ઞનું ફળ આપણને મળે. અસ્તુ.

''ગુરુસંતો પાસેથી સત્સંગ દ્વારા સાચા જ્ઞાનની પ્રાપ્તિ કરવી અને તે પ્રકારે જીવન જીવવાનો પ્રયત્ન કરવો તેને જ સૂક્ષ્મ શરીરનો ખોરાક કહેવાય. તુલસીદાસજીએ સત્સંગનો મહિમા ગાતો એક સુંદર દોહો રચ્યો છે.

सात स्वर्ग अपवर्ग सुख, धरी एक तुला अंग;
तुलसी ताही सकल मिली, तुले न लव सत्संग.

ત્રાજવાનાં બે છાબડાં. એક છાબડામાં સાત સ્વર્ગ અને મોક્ષના સુખને મૂકીએ અને બીજા છાબડામાં શું મૂકીએ ? 'લવ સત્સંગ.' આંખનું મટકું મારીએ તે દરમ્યાન પસાર થયેલ સમયને એક 'લવ' કહેવાય. તો, આંખનું એક મટકું મારીએ તેટલા સમયના સત્સંગના આનંદને જો ત્રાજવાના બીજા છાબડામાં મૂકીએ તો 'લવ સત્સંગ' મૂકેલું છાબડું નમી જાય. સત્સંગનો આવો મહિમા છે. સત્સંગના આનંદથી આપણા સૂક્ષ્મ શરીરને પુષ્ટિ મળે છે. અને સૂક્ષ્મ શરીરના આધારે આપણું સ્થૂળ શરીર રહેલું છે. તો, સ્થૂળ શરીરની તંદુરસ્તી જાળવવી હોય તો સૂક્ષ્મ શરીરને જાળવવું પડે. અને સૂક્ષ્મ શરીરને જાળવવા માટે સૂક્ષ્મ શરીરને ખોરાક આપવો પડે. અને સૂક્ષ્મ શરીરનો ખોરાક સત્સંગ છે, સાત્ત્વિક આનંદ છે. બીજાને દુઃખી કરીને જે આનંદ પ્રાપ્ત કરીએ તે રાજસિક કે તામસિક આનંદ છે. સૌને આનંદની પ્રાપ્તિ થાય તે સાત્ત્વિક આનંદ છે. પરંતુ લખ ચૌર્યાશીના ચક્કરમાંથી નીકળી જવાની પ્રેરણા જેમાંથી પ્રાપ્ત થાય તે અતિ ઊંચો આધ્યાત્મિક આનંદ છે, તે સત્સંગનો આનંદ છે અને તેનાથી સૂક્ષ્મ શરીરની પુષ્ટિ થાય છે.''

●●●

ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

સંકલન - શેખર પટેલ

તા.૧૮-૫-૯૦ને શુક્રવારના રોજ અમારે ગૌમુખ જવાનું હોવાથી અમે સૌ વહેલા ઊઠી ગયા. ઝડપથી અમે સૌ નિત્યકર્મથી પરવારી ગયા. પ્રણામવંદના ગાઈ, પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથે અમારા નિવાસસ્થાનેથી નીકળી અમે પુલના છેડે આવી ગયા કે જ્યાંથી ગૌમુખ

જવાનો રસ્તો શરૂ થાય છે. ગૌમુખ જવાનો રસ્તો વિકટ હતો તેથી પૂજ્યશ્રી માટે ડોળી કરી. રસ્તામાં રાતવાસો કરવાનો હોવાથી સાથે જરૂરી સામાન હતો. બધો સામાન એક ઘોડા ઉપર મૂક્યો. બીજા પણ પાંચ ઘોડા કર્યા કે જેથી ચાલતાં ચાલતાં જેને તકલીફ પડે તે આગળની મુસાફરી ઘોડા ઉપર કરી શકે.

સત્યધર્મગુરુદેવની જય બોલાવી, બરાબર નવ વાગ્યે અમે અમારી ગૌમુખ તરફની યાત્રાનો પ્રારંભ કર્યો. કાંતિભાઈ, બિપિનભાઈ અને ધ્યાનભિક્ષુજી ઘોડા ઉપર બેઠા. પૂજ્યશ્રી ડોળીમાં બેઠા. બાકીના બધા પગે ચાલતા હતા. હિમાલયની ગિરિમાળાઓ ઉપર આવેલાં ચીડના ઝાડ લળીલળીને અમારું સ્વાગત કરતાં હતાં. એક બાજુ ખીણ અને બીજી બાજુ ઊંચા ઊંચા પહાડો, વચ્ચે નાની કેડી; કેડી ઉપર ચાલવાનું. આજુબાજુનું વાતાવરણ અવર્ણનીય હતું, અપ્રતિમ સુંદર હતું. બરફાચ્છાદિત પહાડો અને તેમાંથી વહેતાં ઝરણાંની સફેદ દૂધ જેવી ધારા ! ખીણમાં રમતી-કૂદતી વહી જતી ગંગાજીની મસ્તીને માણતા માણતા અમે ગૌમુખ તરફ જઈ રહ્યા હતા.

ગંગોત્રીથી લગભગ નવ કિલોમીટર દૂર ચીડવાસા આવે છે. ત્યાં અમે સૌ ચા-કોફી પીવા રોકાયા. ચા-પાણી પત્યાં ત્યાં પૂજ્યશ્રીની ડોળી આવી પહોંચી. અમે આગળ વધવાનું શરૂ કર્યું. રસ્તો કપરો થતો જતો હતો, ચઢાણ મુશ્કેલ બન્યું હતું. હું 'સોહમ્'નો મંત્રજપ કરતો કરતો આગળ વધતો હતો. પગ સ્થૂળ ચઢાણ ચઢી રહ્યા હતા ત્યારે મન આધ્યાત્મિક ચિંતનરૂપી ઊર્ધ્વગમન કરી રહ્યું હતું. હિમાલયની પવિત્ર ધરતી ઉપર કૈવલ્ય અને આત્મસાક્ષાત્કારના વિચારો મનમાં અથડાતા હતા. પૂ. ગુરુદેવના ઉપદેશનું સ્મરણ કરવાથી એમ નક્કી થતું કે કૈવલ્ય માગવાથી નહીં પરંતુ પુરુષાર્થથી જ મળે. પહેલાં પૂ. ગુરુદેવને પામો પછી આત્મસાક્ષાત્કાર જ છે ને ? અસ્તુ.

ચીડવાસાથી લગભગ અઢી કિલોમીટર દૂર ગયા હોઈશું ત્યાં 'સાવધાન' લખેલું પાટિયું જોવા મળ્યું. આગળનો થોડા રસ્તાવાળો પહાડ ઝીણી કાંકરીવાળો પહાડ હતો. ગમે ત્યારે પહાડ ઉપરથી પથ્થરો પડતા હતા એટલે એટલો ભાગ ઝડપથી પસાર કરવાની સૂચના હતી. સાવધાનનું બોર્ડ વાંચી મનના વિચારોએ ગતિ પકડી, ત્યાં જ પૂજ્યશ્રીએ બોર્ડ વાંચી હસતાં હસતાં પોતાની લાક્ષણિક ઢબે કહ્યું, "સાવધાન !"

"જીવનમાં ઊર્ધ્વગમન કરવું હોય તો દરેક પળે સાવધાની રાખી ચાલવું જોઈએ; માયા-મમતાના ચક્કરમાં ફસાઈ ન જવાય તે જોતા રહેવું જોઈએ. અરે ! તેનાથી બચી જાઓ તો અભિમાનના પંજામાં ન અવાય તેની તો ખાસ કાળજી રાખવાની છે." આમ પૂજ્યશ્રીએ બધાને અણમોલ ઉપદેશ આપ્યો.

ચીડવાસાથી આગળ વધતાં રસ્તામાં બરફનાં પાંચ મોટા ગ્લેસિયર આવ્યા. બરફ ઉપર ખૂબ સાચવીને ચાલવું પડતું. દરેક પગલે જાણે હમણાં લપસી પડશું તેમ બીક રહ્યા કરતી. પૂજ્યશ્રીએ માર્મિક ટકોર કરતાં કહ્યું કે, "જો જો, લપસી ન પડતા; ધીમેથી સાચવીને, સંભાળીને ચાલજો." આમ ગમ્મત સાથે જ્ઞાન લેતા લેતા અમે લગભગ ત્રણ વાગ્યે ભોજવાસા પહોંચ્યા.

અમે ચૌદ હજાર ફૂટની ઊંચાઈએ હતા. ભોજવાસામાં સખત ઠંડી હતી. અહીં શ્રી લાલદાસજીનો મોટો આશ્રમ છે. આશ્રમમાં ગમે તે યાત્રી આવે તો તેના માટે ચા, ગરમ પાણી અને ખીચડી તૈયાર રહે છે. અમે બધાએ ગરમ પાણી અને ચા પીધી. સખત ઠંડીના કારણે ધ્રૂજતા હતા. સૌએ પોતપોતાની પાસે જેટલાં ગરમ કપડાં હતાં તે બધાં પહેરી લીધાં. આમ છતાં ઠંડી લાગતી હતી. આશ્રમમાં પૂજ્યશ્રી માટે ઉપરના માળે એક રૂમ રાખેલી. ડૉક્ટરભિક્ષુજીને ઠંડી વધારે લાગતી હતી. તેમની સાથે અમે નીચેના રૂમમાં બેઠા હતા. પૂજ્યશ્રીએ સૌને ઉપર આવી જવા કહ્યું. દમાભાઈને મોકલીને ડૉક્ટરભિક્ષુને ઉપર આવી જવા કહ્યું. ડૉક્ટરને કાંઈક ગેરસમજ થઈ તેથી ઉપર ગયા નહીં. ડૉક્ટર ઉપર ગયા નહીં તેથી પૂજ્યશ્રી નીચે આવ્યા અને આવી સખત ઠંડીમાં ગરમ

થઈ ગયા. પૂજ્યશ્રીએ પોતાનો ઓવરકોટ નીચે ફેંકી દીધો અને કહ્યું "ઓર્ડર ઇઝ ઓર્ડર, નો આરગ્યુમેન્ટ ? તમે લોકો સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા તરફ જાઓ તે ન ચાલે." પૂજ્યશ્રીનું રૂદ્ર સ્વરૂપ જોઈ અમે સૌ સ્તબ્ધ થઈ ગયા. અમારા બધામાંથી પૂજ્યશ્રી જ્યારે ડૉકટરભિક્ષુને જ લડ્યા ત્યારે જ સમજણ પડી કે પૂજ્યશ્રી પોતાની વધુમાં વધુ નજીકની વ્યક્તિને જ લડે છે. અમે બધા પૂજ્યશ્રી સાથે ઉપરના રૂમમાં ગયા.

આશ્રમમાં સાંજે સાડા સાત વાગ્યે આરતી થાય છે. આરતી બાદ ભોજન-પ્રસાદ મળે છે. ભોજન માટે સૌએ નીચે આવવું પડે. ભોજનમાં ગરમ ચપાતી, શાક, દાળ અને ગરમ ભાત પિરસાય છે. ત્યાંના સંતો યાત્રિકોને ખૂબ પ્રેમથી ખવડાવતા. પૂજ્યશ્રી માટે મોળી ખીચડી બનાવડાવી હતી. પૂજ્યશ્રીને ઉપરના રૂમમાં પ્રસાદ આપ્યો. અમે સૌએ નીચે આવીને ભોજન-પ્રસાદ લીધો. અતિશય ઠંડીના કારણે અમે આશ્રમમાંથી વધારાના ચાર-ચાર કામળા લીધા. ત્રણ-ત્રણ કામળા પાથર્યા હતા અને ત્રણ-ત્રણ કામળા ઓઢ્યા હતા છતાં ઠંડી ખૂબ લાગતી હતી. દરેક જણ ધ્રૂજતા હતા તેમજ કહેવાય. છતાં આખા દિવસની મુસાફરીના સખત થાકના કારણે સૌ ઊંઘી ગયા.

રાત્રે ડૉકટરભિક્ષુજી નહોતા ઊંઘી શક્યા. પંકજભાઈએ તેમને પૂછ્યું, "ડૉકટર ! રાત્રે ઊંઘ કેમ ના આવી ? રાત્રે તમે ખૂબ ઉદાસ હતા તેવું લાગતું હતું." ડૉકટરે, ગઈ કાલે પૂજ્યશ્રીને જે વાત ઉપર ગરમ થઈ જવું પડેલું તે વાત દોહરાવી અને જણાવ્યું કે "હજુ આપણે કેટલા બધા અધૂરા છીએ કે આપણા વર્તનથી પૂજ્યશ્રીને ગુસ્સે થવું પડે ! પૂજ્યશ્રીને કેટલું દુઃખ થયું હશે ?! આપણે તો પૂજ્યશ્રીને આનંદ કરાવવા લાવેલા, નહીં કે દુઃખી કરવા." ડૉકટર સાહેબનો જવાબ સાંભળીને તેમના તરફનું માન અનેકગણું વધી ગયું. ડૉકટર સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના નામાનુરૂપ વિચારો જાણી સૌને ખૂબ પ્રેરણા મળી.

બીજા દિવસે વહેલી સવારે ચાર વાગ્યે અમે સૌ ઊઠી ગયા. નિત્યકર્મથી પરવારી, ચા-નાસ્તો કરી અમે બધાએ ગૌમુખ તરફની યાત્રા શરૂ કરી. લગભગ બે કિલોમીટર આગળ ગયા હોઈશું ને ડોળીવાળા તથા ઘોડાવાળા ભાઈઓએ કહ્યું, 'અહીંથી આગળ ઘોડા કે ડોળી જશે નહીં, ચાલતા જવું પડશે. અમે સૌ પૂજ્યશ્રી સાથે ચાલતા ચાલતા આગળ વધ્યા. રસ્તો ખરેખર ખૂબ જ વિકટ હતો. રસ્તામાં પત્થરોની વચ્ચે એક નાનું તળાવ આવ્યું. લીલના કારણે પાણી લીલું થઈ ગયેલું. ચાલતા હતા ત્યાંથી જરાક પગ લપસે તો સીધા પાણીમાં. એકબીજાના હાથ પકડી મહામુસીબતે અમે આગળ વધતા હતા. સૂર્યનાં કિરણો બરફાચ્છાદિત પર્વતો ઉપર પડતાં પર્વતોની કિનારો સોનેરી રંગથી ચમકી રહી હતી. આવું અનુપમ દૃશ્ય જોતા જોતા અમે ધીરે ધીરે આગળ વધતા હતા. થોડેક ઉપર ગયા ત્યાં નાથબાવાની ઝૂંપડી આવી. ત્યાંથી આગળ વધ્યા. લગભગ નવેક વાગ્યે અમે ગૌમુખની નજીક પહોંચવા આવ્યા. એકાદ ફર્લાંગ દૂર હોઈશું ત્યાં જ સમતલ જગ્યા ઉપર બધા સ્નાન કરતા જોવા મળ્યા. પણ અમારે તો છેક ગૌમુખ જવું હતું એટલે અમે આગળ વધ્યા. અડધા કલાક પછી અમે ગૌમુખ પહોંચ્યા. જેમને સ્નાન કરવાની ઇચ્છા હોય તેમને પૂજ્યશ્રીએ સ્નાન કરવા માટે છૂટ આપી. પરંતુ બધા ખૂબ થાકી ગયા હતા તેથી પહેલાં તો સૌ શાંતિથી બેઠા.

પૂજ્યશ્રી એક શિલા ઉપર બેઠા. તેઓશ્રીએ દૂરબીન દ્વારા ગૌમુખ તથા દૂરદૂરના પર્વતોને ખૂબ ઝીણવટથી નિહાળ્યા. ત્યારબાદ ડૉકટરભિક્ષુને દૂરબીન આપીને એક ચોક્કસ સ્થાન તરફ ઇશારો કરીને પૂછ્યું 'દૂરબીન દ્વારા જોઈને કહો કે ત્યાં શું દેખાય છે ?' ડૉકટરભિક્ષુ કહે કે 'ગંગાજીની ધારા ગાયના મુખ જેવા આકારવાળા ભાગમાંથી પડતી દેખાય છે.' ત્યારબાદ પંકજભાઈને પૂછ્યું કે ત્યાં શું દેખાય છે ? પંકજભાઈએ કહ્યું 'કોઈ પશુના (બનતા સુધી બળદ કહેલું) મુખને અથડાઈને પાણી પડે છે.' તરત જ પૂજ્યશ્રીએ ટકોર કરી કે જેવી જેની દૃષ્ટિ. પૂ. ગુરુદેવ જે શિલા ઉપર બેઠા હતા તે શિલા ઉપર જ અમે બધાએ એક સમૂહ ફોટો પડાવ્યો. થોડો નાસ્તો સાથે લીધો હતો તે

આરોગ્યો. પૂજ્યશ્રીએ શિલા ઉપરથી ઊતરી ગંગાજીમાં પગ બોળી સૂર્યદેવને ત્રણ વખત અર્ઘ્ય આપ્યો.

ગૌમુખની બાજુમાં જ એક પર્વત છે, તેને શિવલિંગ પર્વત કહે છે. તેનો આકાર શિવલિંગ જેવો છે. તેના ઉપર બારે માસ બરફ છવાયેલો રહે છે. એવી લોકવાયકા પણ છે કે શિવલિંગ પર્વતની પાછળ જ કૈલાસ પર્વત આવેલો છે. વળી દર વર્ષે ગૌમુખ થોડુંક પાછળ ખસે છે કારણકે શિવલિંગ પર્વત ઉપરનો થોડો બરફ પાણીરૂપે વહી જાય છે.

અહીં આઠ યુવાનો સાયકલ લઈને આવેલા. તેઓ છેક ગંગાસાગરથી ગૌમુખ સુધી સાયકલ ઉપર આવ્યા હતા. તેઓને કુલ ત્રણ હજાર કિલોમીટરનો રસ્તો કાપતાં પિસ્તાલીસ દિવસ થયા હતા. જે જગ્યાએ સાયકલ ચલાવી શકાય તેમ ન હોય ત્યાં તેઓ સાયકલ ઉપાડી લેતા હતા. કેવી કઠિન યાત્રા !

થોડો સમય આરામ કરી ગૌમુખથી અમે પાછા ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું. અમે પૂજ્યશ્રી સાથે ચાલતા હતા. પૂજ્યશ્રી પ્રેરણાદાયક વાતો કર્યે જતા હતા. બધાને ખરેખરો થાક લાગેલો. પૂજ્યશ્રીએ કહ્યું 'ખરા યોદ્ધાને થાકયા પછી લડવા મોકલાય ત્યારે જ તેનું ખમીર મપાય.' પછી મારી તરફ ફરીને કહે કે 'શેખરભાઈ! તમે તો હનુમાનજી છો ! જરૂર પડયે મને ખભે બેસાડી લઈ જાવ ને ?' પૂજ્યશ્રીના સ્વમુખે આ વાત સાંભળી હું ગદ્‌ગદ્‌ થઈ ગયો. પ્રભુની આટલી નજીક રહેવા છતાં પણ આપણે તેમને ઓળખી શકતા નથી. મનની કેટલી પામરતા ! ધીમે ધીમે ચાલતા અમે અમારા ઘોડાવાળા અને ડોળીવાળા ભાઈઓ પાસે પહોંચ્યા. પૂજ્યશ્રી ડોળીમાં બેઠા અને અમારામાંથી થોડા ભાઈઓ ઘોડા ઉપર બેઠા. પૂજ્યશ્રીએ કહેલું કે સૌએ વારાફરતી ઘોડા ઉપર બેસવું જેથી થાકી ના જવાય. ભોજવાસા પહોંચ્યા, ત્યાં રાખેલો અમારો સામાન લઈ અમે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું. ભોજવાસાથી નીકળી અમે ચીડવાસા પહોંચ્યા. ત્યાં પહોંચી જેમની ઇચ્છા હતી તેમણે સૌએ ભોજન લીધું, બાકીનાએ ચા પીધી. ડૉકટરભિક્ષુએ પૂજ્યશ્રી માટે મોળી રસોઈ તૈયાર કરાવી. પૂજ્યશ્રીએ પણ થોડો ભોજન-પ્રસાદ લીધો. અમે સૌ તાજામાજા થઈ ગંગોત્રી તરફ આગળ વધ્યા. નીચે ને નીચે ઝડપથી ઊતરી રહ્યા હતા. જરાય તકલીફ પડતી નહોતી. પૂજ્યશ્રી કહે છે ને કે "મોભનાં નેવે ચઢાવવાં તે તો બહુ સહેલું છે, નેવાંનાં મોભે ચઢાવીએ ત્યારે ખરા. પાણી ઢાળની નીચેની તરફ ખૂબ સહેલાઈથી વહી શકે છે, કઠિન કાર્ય તો છે તેને ઢાળની ઉપરની તરફ ચઢાવવાનું. તે જ પ્રમાણે મનુષ્યને કૈવલ્યની સાધના કરવામાં, આધ્યાત્મિક ઉન્નતિ સાધવામાં, ઊર્ધ્વગમન કરવામાં ખૂબ તકલીફ પડે છે પરંતુ જે મનુષ્યને અધોગતિમાં જ રસ હોય, પડતીમાં જ આનંદ આવતો હોય તેને તેમ કરવામાં તકલીફ નથી પડતી. અધોમુખી થવું તે તો ઘણું સહેલું છે કારણકે તેમાં કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી."

ગંગોત્રી પહોંચ્યા ત્યારે અમને થાકની ખબર પડી. દરેક જણ ખૂબ થાકેલા. દરેકના પગ બહુ દુઃખતા હતા. સૌએ અનુકૂળતા મુજબ જમી લીધું. પૂજ્યશ્રીએ કાંઈ લીધું નહીં. ખૂબ થાકેલા હોવા છતાં સૌએ ખૂબ પ્રેમપૂર્વક ઈશ્વરસ્મરણ કર્યું - પ્રણવવંદના ગાઈ અને સૂઈ ગયા.

તા. ૨૦-૫-૯૦ને રવિવારના રોજ અમે સૌ મોડા ઊઠયા. પૂજ્યશ્રી તો વહેલા ઊઠી ગયા હતા અને નિત્યકર્મથી પરવારી ગયા હતા. અમે ઊઠયા ત્યારે પૂજ્યશ્રી કૃષ્ણાશ્રમનાં સંચાલિકા મા ભગવતી સ્વરૂપ પાસે બેસી જ્ઞાનગોષ્ઠિ કરતા હતા. પૂજ્યશ્રીએ મા ભગવતીને પૂ. કૃષ્ણાશ્રમસ્વામીનો દેહાંત કેવી રીતે થયો તે અંગે પૃચ્છા કરી. મા ભગવતીએ જણાવ્યું :

"પૂ. કૃષ્ણાશ્રમજીને દોઢસો વર્ષ થયાં હતાં. એક દિવસ હું તેમના રૂમમાં બેઠી હતી ત્યારે તેમણે કહ્યું કે, 'હવે મારું કાર્ય પતી ગયું છે. હું દેહ ત્યાગવા માગું છું. તેમની આટલી વાત સાંભળી હું રૂમની બહાર ગઈ. જેવી હું રૂમની બહાર નીકળી કે રૂમમાંથી દીર્ઘ પ્રણવોચ્ચાર બુલંદ અવાજે સંભળાયો. ઝડપથી હું રૂમમાં પાછી ગઈ અને જોયું તો પૂ. કૃષ્ણાશ્રમ સ્વામીએ દેહ ત્યાગી દીધેલો.

આ જોઈ હતપ્રભ બનેલી હું ગુરુજીના રૂમની બહાર નીકળી. આજુબાજુમાં વસતા બે-ત્રણ સાધુસંતોને બોલાવ્યા. સાધુસંતોએ આવતાંની સાથે એકી અવાજે કહ્યું કે 'પ્રભુએ દેહ ત્યાગી દીધો.' ત્યારબાદ પાલખી કરી કૃષ્ણાશ્રમસ્વામીના દેહને ગંગનાની લઈ ગયા. ગંગનાનીમાં તેમના દેહને જળસમાધિ આપી.''

ઉપરોક્ત વાતો કરતાં પૂ. મા ભગવતીજી ભાવવિભોર થઈ ગયાં. કયા શિષ્યને પોતાના ગુરુદેવ સાથેનાં સંસ્મરણો તાજાં કરીને ભાવ ઉત્પન્ન ન થાય ?! મા ભગવતીજીએ જડીબુટ્ટીમાંથી બનાવેલી ચા પૂજયશ્રીને આપી. અમે પણ ચા પીધી. આજે પણ મુસાફરીનો થાક ઊતર્યો નહોતો તેથી પૂજયશ્રીએ સૌને આરામ કરવાનો આદેશ આપ્યો. આરામ કર્યા બાદ ભોજનના સમયે સૌએ પોતપોતાને સોંપાયેલું કાર્ય પૂરું કર્યું. ભોજન તૈયાર થયું એટલે પહેલાં પૂજયશ્રીએ અને ત્યારબાદ અમે સૌએ ભોજન લીધું. ભોજન લીધા બાદ ફરી આરામ કર્યો. સંધ્યાકાળે પૂજયશ્રીના આદેશાનુસાર ગાયત્રીમંત્ર, મારુતિમંત્ર અને શિવમંત્રના જાપ કર્યા. પૂજયશ્રીએ મંત્રજાપ વિષે થોડી વાત કરતાં કહ્યું કે ''સતત પ્રભુનું સ્મરણ કરતાં કરતાં મંત્રજાપ થવા જોઈએ. મનને, વિચારોને મંત્રજાપમાં જોડી દેવા જોઈએ. શરીર અને મનને મંત્રજાપમાં તદ્રૂપ કરી દેવાં જોઈએ. મંત્રજાપ કરવાથી અનાયાસે જ પ્રાણાયામનો લાભ મળે છે, શારીરિક કસરત થાય છે, શરીરમાં સ્ફૂર્તિ આવે છે. આમ મંત્રજાપ દ્વારા અનેકવિધ લાભ મળે છે.

તા. ૨૧-૫-૯૦ના દિવસે સવારે બધા વહેલા ઊઠી ગયા. નિત્યકર્મથી પરવારી સૌએ સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ અડધા કલાક સુધી ગાયત્રીમંત્રના વાચિક જાપ કર્યા. મંત્રજાપ બાદ બધા સ્વયંસેવકો પોતપોતાને સોંપાયેલા કાર્યમાં લાગી ગયા. નિયત સમયે ભોજન-પ્રસાદ તૈયાર થઈ ગયો. ભોજન-પ્રસાદ લીધા બાદ સૌએ આરામ કર્યો. પૂજયશ્રી આરામ કરતા હોવાથી ત્રણચાર ગુરુભાઈઓ તેમની આજ્ઞા લીધા વિના બહાર ફરવા નીકળ્યા. થોડો સમય થયો ત્યાં પૂજયશ્રી રૂમમાંથી બહાર નીકળ્યા અને ધ્યાનભિક્ષુજીને પૂછયું કે બધા કયાં ગયા ? ધ્યાનભિક્ષુજીએ કહ્યું કે અમુક ગુરુભાઈઓ બસસ્ટેન્ડ તરફ ગયા છે. પૂજયશ્રી કહે ''અમને કહ્યા વગર જતા રહ્યા ?!''

- જે અનુશાસન શીખવા અમે પૂજયશ્રી સાથે યાત્રાએ નીકળ્યા હતા તેમાં સતત પ્રયત્નશીલ હોવા છતાં ચંચળ મનને કારણે અમે ભૂલ કરી બેસતા અને પૂજયશ્રીને દુઃખ પહોંચાડતા. - પૂજયશ્રીએ કહ્યું ''ચાલો, તમે જેટલા છો તેટલા જલદી તૈયાર થઈ જાવ, આપણે બહાર જવાનું છે.'' આશ્રમમાં જેટલા ગુરુભાઈઓ હાજર હતા તે સૌ પૂજયશ્રી સાથે બહાર નીકળ્યા. અમે બસસ્ટેન્ડથી ચા-કોફી પીને પાછા વળતા હતા ત્યાં જ સામેથી પૂજયશ્રીને આવતા જોયા. સંકોચની લાગણી સાથે અમે પૂજયશ્રીને વંદન કરી પૂજયશ્રી સાથે જોડાઈ ગયા. પૂજયશ્રીએ હસતાં હસતાં ટકોર કરી કે ''આજે તમે રસ્તામાં ના મળ્યા હોત તો તમને મૂકીને અમે ફરવા જવાના હતા.''

પૂજયશ્રી સાથે અમે સૌ અપરોક્ષાનંદજીના આશ્રમે ગયા. પૂ. અપરોક્ષાનંદજી મૂળ મુંબઈના વતની હતા. તેઓ યોગના અભ્યાસી હતા. પૂજયશ્રી સાથે તેમણે યોગના વિષય ઉપર ખૂબ વાતચીત કરી. તેઓ પૂજયશ્રીથી ખૂબ પ્રભાવિત થયા. તેઓએ સંતો વિષે પોતાના વિચારો પ્રગટ કર્યા - ''જો ઘૂમે સો શૂરા, જો બૈઠે સો પૂરા.'' - જે સંતો હંમેશા ફરતા રહે તે શૂરા કહેવાય અને એક જગ્યાએ બેસી જપ, સાધના ઇત્યાદિ કરે, વિઘ્નોથી ચલિત થયા વિના સાધનામાં આગળ વધે તેને પૂરા સંત કહેવાય.

શ્રી અપરોક્ષાનંદજીની કુટિર ગંગાજીના કિનારે આવેલી છે. શીતકાળમાં પણ તેમણે ઘણો સમય અહીં ગાળ્યો છે. તેઓએ ગૌમુખ તથા તપોવનમાં પણ એક વર્ષ ગાળેલું છે. સત્સંગને આગળ ચલાવતાં તેઓએ જણાવ્યું કે ''માણસ અહીં આવી કશું ના કરે, કોઈપણ પ્રકારની સાધના ના કરે; માત્ર ખાઈપીને સૂઈ જ રહે તો પણ તેનું મન શાંત થઈ જાય છે. અહીંની પ્રકૃતિ, આબોહવા જ એ પ્રકારનાં છે. કોઈ સાધક અષ્ટાંગયોગમાં જો થોડો ઘણો પણ ઊંડો ઊતર્યો હોય અને જો અહીં રહી અને સાધના કરે તો

થોડા પ્રયત્નથી જ સમાધિ સુધી પહોંચી શકે.'' પૂજ્યશ્રીએ અપરોક્ષાનંદજી સમક્ષ ગંગોત્રીમાં વધુ સમય રહેવાની ઇચ્છા પ્રદર્શિત કરી ત્યારે તેમણે કહ્યું કે ''આપ ગમે ત્યારે આવીને રહી શકો છો.'' પૂજ્યશ્રીએ કહ્યું ''શીતકાળમાં મારાથી કેવી રીતે રહી શકાય ? મને તો બહુ ઠંડી લાગે છે.'' સ્વામીજીએ કહ્યું ''આપ તો જ્ઞાની હૈં, યોગ કે પૂરે જાનકાર હૈં. આપકો કૈસે તકલીફ હો સકતી હૈ ? અભીસે રહને લગેંગે તો શીતકાલ તક શરીર અભ્યાસી હો જાયગા. આપ આરામસે રહો, જિતને સમય તક આપકી ઇચ્છા હો ઉતને સમય તક આપ યહાં ઠહર સકતે હો.'' સ્વામીજીની વાત સાંભળી પૂજ્યશ્રીએ સહેજ મલકાઈને કહ્યું, ''આપ તો સ્વયં અપરોક્ષાનંદજી હૈં યાને કિ આપ પ્રત્યક્ષ હી સંત હૈં. મૈં આપકે પાસસે કુછ લેને આયા હૂં.'' પૂજ્યશ્રીની નમ્રતાથી પ્રભાવિત થઈ સ્વામીજીએ કહ્યું, ''મેરે મેં નામ જૈસે ગુન કહા હૈં ?! મૈં ખુદ ઈધરઉધરસે સીખ રહા હૂં. બચપનમેં મેરી આંખે કમજોર થીં. લોગોંને કહા યોગ કરો, આંખેં અચ્છી હો જાયેંગી. મૈં ધીરે ધીરે આસન સીખને લગા. શીર્ષાસન ભી સીખ ગયા. આંખ અચ્છી કરનેકી લતમેં યોગ સીખને લગા. યોગ પર મેરા પ્રેમ બઢને લગા ઔર મૈં અપને માતાપિતાકી આજ્ઞા લેકર યહાં ગંગાજી કે કિનારે પર ચૌદહ સાલસે રહતા હૂં.'' સત્સંગ ચાલતો હતો તે દરમ્યાન જ બીજા એક સંત આવ્યા. તેમણે પૂજ્યશ્રીને નમોનારાયણ કર્યા. પૂજ્યશ્રીએ બંને સંતોને પ્રસાદીરૂપે સ્વરચિત હિન્દી અને અંગ્રેજી પુસ્તકો આપ્યાં તથા અગિયાર રૂપિયા પણ આપ્યા અને સ્વામીજીની કુટિરેથી બહાર નીકળ્યા.

સ્વામીજીની કુટિરેથી નીકળી અમે સૌ શ્રી અચ્યુતાનંદજીના આશ્રમમાં ગયા. શ્રી અચ્યુતાનંદજીએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્યાં થોડો સમય બેઠા. પૂજ્યશ્રીએ સ્વામીજીને પૂછ્યું ''હમને પટાંગણ નહીં દેખા આપ રાસ્તા બતાયેંગે ? ઔર યે ભી બતાઇએ કિ વહાં પહુંચનેમેં સમય કિતના લગેગા ?'' સ્વામીજીએ કહ્યું ''આધા ઘંટા લગેગા. મૈં સાથ ચલકર આપકો રાસ્તા દિખાતા હૂં.'' બધા ગુરુભાઈઓની સંમતિ લઈ પૂજ્યશ્રીએ પટાંગણ જવાનું નક્કી કર્યું. પટાંગણ જતાં રસ્તામાં અમે રુદ્રગંગા જ્યાંથી આવે છે અને ગંગાને મળે છે તે સ્થળ જોયું. તે સ્થળેથી નીકળી અમે પટાંગણ ગયા. પટાંગણની શિલાઓ ઉપર બેસી અમે બધાએ પ્રણવવંદના, પ્રણવ-જપ-માહાત્મ્ય, ગુરુઅષ્ટક તેમજ વાચિક મંત્રજાપ કર્યા. પટાંગણથી પાછા કૃષ્ણાશ્રમ આવી ગયા. ભોજન કરી સૂવાની તૈયારી કરતા હતા ત્યાં જ પૂજ્યશ્રીએ જણાવ્યું કે ''આપણે બપોરે બહાર જવાનું છે તો તમે સૌ બે વાગ્યે તૈયાર થઈ જજો.''

પૂજ્યશ્રીના આદેશ મુજબ સૌ બપોરે સમયસર તૈયાર થઈ ગયા. પૂજ્યશ્રીએ, અમદાવાદથી લાવેલ બધું જ ચવાણું એક ડબામાં ભરીને સાથે લઈ લેવાનું કહ્યું. સાથે સુખડી પણ લેવડાવી. અમે આશ્રમની બહાર નીકળી પુલ ઉપર આવ્યા. પુલના બીજા છેડેથી ભિક્ષા માગનારા એક લાઈનમાં બેઠા હોય છે. ભિક્ષુકોની લાઈન છેક બસસ્ટેન્ડ સુધી પહોંચે છે. પુલના સામા છેડે પહોંચતાં જ પૂજ્યશ્રીએ આદેશ કર્યો ''ચાલો આપવા માંડો.'' ડબો પૂરો ભરેલો હતો એટલે એક ગુરુભાઈએ ઊંચક્યો હતો અને હું ભિક્ષુકોને ચવાણું આપતો હતો. શરૂઆતમાં મેં એક ભાઈને બે વાડકા ચવાણું આપ્યું તે જોઈને પૂજ્યશ્રી કહે ''બે નહીં, પહેલાં એક વાડકો આપો. વધશે તો ફરી આપીશું.'' ચવાણાની સાથે સાથે સૌને એક રૂપિયો પણ આપતા હતા. વહેંચતાં વહેંચતાં ચવાણું ખલાસ થઈ ગયું. લાઈનમાં હવે ફક્ત એક જ ભાઈ બાકી રહેલા. આ જોઈ પૂજ્યશ્રીએ ભરતભાઈને કહ્યું ''તેમને બે રૂપિયા આપો.'' સાથે સાથે મને કહ્યું ''જોયું ! તમે એક ભાઈને બે વાડકા ચવાણું આપ્યું અને એક જ સંત રહી ગયા !'' આ પ્રસંગ બન્યો તે જોઈ મને પ.પૂ. ગુરુદેવમાં પરમેશ્વરનો સાક્ષાત્કાર થઈ ગયો. અસ્તુ.

(ક્રમશઃ)

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३ ।

● ટ્રસ્ટના ઉદ્દશો :–

(૧) સર્વવ્યાપક પરમ સુક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ - ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચુ લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

PRINTED BOOK

Registrar of News Papers of India under Regd. No. 48770/90

આદ્યસંસ્થાપક તથા આદ્યાત્મિક વડા

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગિભિક્ષુજી

To,

Pin Code

PRINTED & PUBLISHED BY :-

Dr. S. S. Bhikshu for

AUMGURU PREMSAMARPANDHYANBHIKSHUPARIVAR TRUST

1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad- 380 013.

Printed at : Kunal Offset, Odhav, Ahmedabad.

Hon. Editor : Naishadh vyas

(Reg. No. E/4416 Date 11-5-81)

I. T. E. U. 80-9 (5) No. H. Q. -III 33-163/92-93 up to March 1995

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં)---------- રૂા. ૧૨-૦૦

આજીવન સભ્ય ---------- રૂા. ૨૫૦-૦૦

વાર્ષિક સભ્ય ---------- ૧૨ ડોલર

આજીવન સભ્ય ---------- ૧૦૧ ડોલર

લવાજમ મોકલવાનું સ્થળ :-

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
" સ્વાશ્રય"
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના : -

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ "ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) "ઋતમ્ભરા" ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય"
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગિભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.